Registered Under Rni No. GUJGUJ/2010/30943
Under Postal Regd. No. GAMC - 1745/2023-2025 Issued By SSP, Ahmedabad Valid Upto 31/12/2025
Published At 1st Of Every Month Permitted To The Post Of A'bad PSO On 3rd Of Every Month
License To Post Without Prepayment No.: PMG/NG/129/2024-2025 Valid Upto 31.12.2025


# યુવા સાથી

(Yuva Saathi Gujarati Monthly)



# કુર્આન માનવજાત માટે માર્ગદર્શન

VOL. NO. 15, ISSUE NO. 10 ₹25 OCTOBER 2024




એક અવાજ – એક ઉમંગ – એક ચળવળ
જેમના માથે ભારતના ભવિષ્યના ઘડતરની જવાબદારી છે
એવા નિષ્ઠાવાન યુવા મિત્રો તરફથી પ્રકાશિત થતું
એકમાત્ર ગુજરાતી સામયિક યુવાસાથી

સત્ય અને ન્યાયનો વાહક
તટસ્થ અને નીડર વિશ્લેષણ
પ્રગતિ અને સમૃદ્ધિનો વાહક
શાંતિમય સમાજના નિર્માણ માટે
બાળકોના નૈતિક ઘડતર માટે
યુવાનોને સાચી દિશા ચીંધનાર
યુવાનોના દિલની ધડકન

| | |
|---|---|
| તમારા આ નિષ્ઠાવાન પ્રયત્નોના લીધે આ હ્રદયપૂર્વકનો અવાજ દેશના ખૂણે-ખૂણે ગૂંજી ઊઠશે. ઈન્શાઅલ્લાહ. | વાર્ષિક લવાજમ : રૂ.૩૦૦/-<br>ત્રિવાર્ષિક લવાજમ : રૂ. ૭૫૦/- |

મેનેજર, યુવાસાથી ગુજરાતી માસિક : બી-૪, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી,
૧૩૨ ફુટ રિંગ રોડ, જુહાપુરા, અહમદાબાદ -૩૮૦૦૫૫ | **M. 9510008614**

**YUVASAATHI (GUJARATI MONTHLY)**
BANK A/C. NO.: **163110100029661 - (Only NEFT)**
BANK: **BOMBAY MERCANTILE CO-OP BANK LTD**
IFSC CODE: **BMCB0000039**
AFFILIATED : **AXIS BANK LTD**

UPI ID: rashidhussain.jih@oksbi

**આપની જાહેરાત તેમજ સ્પે. ડોનેશન આપી "યુવાસાથી"ને સદ્ધર બનાવી સમાજના નવનિર્માણમાં આપનો સાથ-સહકાર આપો.**

માસિક

# યુવા સાથી

સત્યનો સારથિ

વર્ષ : ૧૫, અંક : ૧૦ | ઓક્ટોબર ૨૦૨૪ | પેજ : ૩૬

www.yuvasaathi.com

instagram.com/yuvasaathiguj - facebook.com/yuvasaathiguj - twitter.com/yuvasaathiguj

**સંપાદક મંડળ**

**• એડિટર ઇન ચીફ •**

જાવેદઆલમ કુરૈશી

**• એડિટર •**

જાબિર માનિગર

**• સભ્યો •**

ઈબ્રાહીમ શેઠ

ડૉ. સાકિબ મલિક

રાશિદ કુરેશી

મૌલાના અબ્દુર્રહમાન ફલાહી

ઈમરાન રાજપૂત

હુદા મોમિન

તસ્નીમ વહોરા

95 1000 8614

yuvasaathi.monthly@gmail.com

**વાર્ષિક લવાજમ :** રૂ.૩૦૦/-

**ત્રિવાર્ષિક લવાજમ :** રૂ. ૭૫૦/-

Printed and published by **Rashid Hussain Akhtar Husain Shaikh** on behalf of **STUDENTS ISLAMI ORGANISATION OF INDIA GUJARAT ZONE** and Printed at **Unique Offset**, N.R. Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad-380004 and published from **B/4, Karishma Complex, Near Sarni Society, 132 Feet Ring Road, Juhapura, Ahmedabad - 380055 I Editor : Rashid Husain Akhtar Husain Shaikh**

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| કુર્આન બોધ | : રસાઈલ મિનલ કુર્આન | 04 |
| તંત્રી લેખ<br>**કુર્આન માનવજાત માટે માર્ગદર્શન** | : જાવેદ આલમ કુરૈશી | 05 |
| પૈગામ<br>**આદર્શ સમાજની રચનામાં અદલ (ન્યાય)ની ફિલસૂફી** | : શકીલ અહમદ રાજપૂત | 07 |
| મંથન<br>**માનવ જીવનનો ઉદ્દેશ્ય કુર્આનના પ્રકાશમાં** | : ડૉ. મુહમ્મદ સલીમ પટીવાલા | 11 |
| ચિંતન<br>**ધર્મ, સમાજ અને વિજ્ઞાન** | : ડૉ.મુહમ્મદ રિઝવાન | 15 |
| વિશેષ ચર્ચા<br>**વિભિન્ન વૈશ્વિક ધર્મો અને નૈતિકતાની વિભાવના** | : ડૉ. મુહમ્મદ સલીમ પટીવાલા | 17 |
| સુર્ખિયોં સે આગે<br>**ગરીબ દેશના ખર્ચાળ લગ્ન અને આપણું કથાનક** | : સલમાન એહમદ | 21 |
| સૌંદર્ય બોધ<br>**વીતેલો સમય ફરી હાથ લાગતો નથી** | : અદનાન યૂસુફ | 24 |
| પ્રકાશ સ્તંભ<br>**નૈતિક ચેતના અને ભૌતિકવાદી દૃષ્ટિકોણ** | : મુહમ્મદ ફારૂક ખા | 26 |
| વિશેષ આયોજન<br>**સાંપ્રદાયિક વિભાજનને સંસ્થાગત્ બનાવવાનો કુત્સિત પ્રયાસ** | : સુફિયાન અહમદ | 28 |
| આરોગ્ય<br>**આ દુઃખાવાથી રહો દૂર** | : સંપાદક મંડળ | 30 |
| સ્ટેથોસ્કોપ<br>**ધર્મની સમજ : ઈશ્વરનું સર્વોત્તમ પુરસ્કાર** | : સંપાદક મંડળ | 32 |
| બાળજગત<br>**એક 'મા'ની વાર્તા - ઈમાન હોય તો એવું...** | : સંપાદક મંડળ | 33 |

★ લેખકના વિચારોથી સંગઠન અથવા સંપાદકમંડળનું સહમત હોવું જરૂરી નથી.

અદહમ શર્કાવી



## "વાસ્તવમાં ભલાઈઓ બૂરાઈઓને દૂર કરી દે છે."

(સૂરઃ સુરહ્ હુદઃ૧૧૪)

**સંતુલનની આ પ્રક્રિયા ખૂબ સરળ છે:**

**જો બુરાઈ અને ગુનાહને છોડી શકતા નથી, તો તેની આસપાસ આજ્ઞાપાલન અને ઈબાદતનો ઘેરો નાખી દો..જો તમારી નજર કોઈ એવી વસ્તુ પર પડે છે જે ખોટી અને હરામ છે,તો વુઝુ કરો અને બે રકાત નમાઝ પઢો..જો તમારાથી કોઈની ગીબત થઈ જાય,તો સદકો આપો!..જો શેતાન તમને એકવાર હરાવે છે, તો હજારો ઈબદતો એવી છે જેના દ્વારા શેતાનની ઈંટનો જવાબ પથ્થરથી આપી શકો છો.. ગુનેહગાર અને પાપીઓનું પોક મૂકીને રડવું અલ્લાહને આજ્ઞાકારીઓની દુઆઓ કરતાં વધુ પ્રિય છે.. કારણ કે આજ્ઞાકારી બંદાઓથી તો શેતાન નિરાશ થઈ શકે છે, પરંતુ ગુનેહગાર તો સતત શેતાન સાથે યુધ્ધ અને સંઘર્ષમાં છે.. એ તો ગુનાહ કરીને ભાંગીતુટીને નિરાશ થઈ ગયા પછી ફરી ઈતાઅત અને આજ્ઞાપાલન માટે તૈયાર થાય છે.. તે ઠોકર ખાયને પડી જાય છે, અને પછી પાછો ઈબાદતોના સહારે ઉભો થાય છે!.. જ્યાં સુધી તમે ગુનાહ કરી રહ્યા છો, અને તમને એનો અહેસાસ છે.. અને તમે શરમિંદા થઈને અલ્લાહ તરફ પાછા ફરી રહ્યા છો ત્યાં સુધી, સંતુષ્ટ રહો કે તમે ભલાઈના માર્ગ પર છો!**

**(સૌજન્ય પુસ્તક : રસાઈલ મિનલ કુર્આન)**

# કુર્આન માનવજાત માટે માર્ગદર્શન




જો કોઈ માણસ સવારે ઊઠે અને તેની બાજુમાં પૈસા ભરેલી થેલી પડેલી જુએ, તો તેનું વલણ શું હશે? એક વર્તન એ હોઈ શકે કે બેગ ઉપાડીને કચરામાં ફેંકી દે, બીજું વર્તન એ હોઈ શકે કે ખુશ થઈને પૈસા ભરેલી થેલી વિશે કોઈ વિચાર કર્યા વિના તેનો ભરપૂર આણંદ માણે, ત્રીજું વર્તન એ હોઈ શકે કે થેલી જોયા બાદ તરત જ મનમાં ઉઠતા અનેક સવાલો તરફ જવું કેઃ ‘‘આ થેલી ક્યાંથી આવી? અને કેમ આવી? મારે આ થેલી સાથે શું કરવું જોઈએ?’’ અને પછી એવા પગલાં ભરવા કે જેનાથી પાછળથી કોઈ પસ્તાવો ન થાય. સંસાર સંબંધી મનુષ્યનો કિસ્સો પણ પહેલા બે વર્તન જેવો જ છે. આધુનિકતાએ માણસને માત્ર ભૌતિક વસ્તુઓ સુધી સીમિત કરી દીધો છે, એ જ કારણ છે કે માણસ ભૌતિક વિકાસની ટોચે પહોંચી ગયો છે. વિજ્ઞાને એવી પ્રગતિ કરી છે કે તેણે દ્રવ્યના કણની પણ છાતી ફાડી નાંખી છે, પરંતુ જે વ્યક્તિ આ અદ્‌ભુત વિકાસમાં પોતાની ભૂમિકા ભજવી રહી છે, એ જ વ્યક્તિ એ વિચારવા તૈયાર નથી કે ‘‘હું ક્યાંથી આવ્યો? મારો સર્જનહાર કોણ છે? સર્જનહારે મને કેમ બનાવ્યો? અને આ મૃત્યુ પછી મારી સાથે શું થશે?’’ હકીકત એ છે કે માણસે તેના જ્ઞાનના સ્રોતને સીમિત રાખ્યો છે અને માત્ર ભૌતિક વસ્તુઓ પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું છે, મેટાફિઝિક્સને લગતા પ્રશ્નો તેના માટે અસંગત બની ગયા છે. સાથે જ, તે દુનિયાની રંગીન મોહમાયામાં અને સ્વાર્થી ઇચ્છાઓની ગુલામીમાં એટલો ડૂબી ગયો છે કે તેના મનમાં ક્યારેય આ પ્રશ્નો ઊભા થતા નથી.

માણસ પણ એક તર્કસંગત જીવ હોવાથી અને જ્યારે તે તમામ પ્રકારના પૂર્વગ્રહો અને પરંપરાગત વિચારોથી મુક્ત થઈને વિચારવાનું શરૂ કરે છે, ત્યારે આ પ્રશ્નો તેના મનને વારંવાર સતાવતા રહે છે. પરંતુ જેમ જેમ તે પોતાના પ્રશ્નોના જવાબો શોધવા વિજ્ઞાન અને ફિલસૂફીની દુનિયામાં જાય છે તેમ તેમ તે નિરાશ થાય છે. કારણ કે વિજ્ઞાન પાસે આ પ્રશ્નોના જવાબ નથી અને ફિલસૂફી તેને વધુ ગૂંચવે છે. એક પ્રશ્ન એવો પણ છે કે માણસને આ પ્રશ્નોના

જવાબ શોધવાની શું જરૂર છે, તે તેના વિના જીવી શકે છે. પરંતુ જો વિચાર કરવામાં આવે તો ખબર પડે છે કે આ પ્રશ્નોના ઉકેલ વિના માણસ એક અસંયમિત પ્રાણીની જેમ જીવન જીવી રહ્યો છે. નૈતિક મૂલ્યોનું ઉલ્લંઘન, ક્રૂરતા અને શોષણ, અનૈતિકતા, લૂંટફાટ આ બધું માણસનું ભાગ્ય બની ગયું છે. કારણ કે તે પોતાને કોઈની સમક્ષ ઉત્તરદાયી માનતો નથી, ન તો તેનો કોઈ રચનાત્મક હેતુ છે, ન તો તે વિશ્વના કોઈ પણ સિદ્ધાંતો અને નૈતિકતાનું પાલન કરી શકે છે, તેથી મનુષ્યનું વ્યક્તિગત અને સામૂહિક જીવન જુલમ અને શોષણથી ભરેલું છે અને શાંતિ અને સલામતીથી ખાલી છે. આથી જ માનવીએ આ પ્રશ્નોના ઉત્તર મેળવીને પોતાના અસ્તિત્વ અને વિકાસનો માર્ગ શોધવો જરૂરી છે.

કુર્આન એ બધા મૂળભૂત સવાલોના જવાબ આપે છે જે માનવ મનમાં ઉદ્‌ભવે છે. કુર્આનના મતે આ દુનિયા અને માનવ એક સર્જનહાર દ્વારા બનાવવામાં આવ્યા છે. સર્જનહારે આ દુનિયા એક ખાસ યોજના અનુસાર બનાવી છે જેમાં માનવોને પેદા કરવા અને તેમને એક પરીક્ષણમાં મૂકવાનો સમાવેશ થાય છે. આ પરીક્ષણ એ છે કે કોણ આ દુનિયામાં રહીને પોતાની મરજી અને સ્વતંત્રતા હોવા છતાં સર્જકનું આજ્ઞા પાલન કરે છે. કુર્આન જણાવે છે કે માનવ એક નૈતિક જીવ છે અને તેમાં નૈતિક અનુભૂતિ હોય છે. સર્જકે માનવને જે મરજી અને સ્વતંત્રતા આપી છે તેને નૈતિકતા જેવા સુંદર ગુણોથી સુશોભિત કરવી અનિવાર્ય છે. નહીં તો માનવ પ્રાણીઓ કરતાં પણ નીચો થઈ જાય છે. કુર્આન જણાવે છે કે દુનિયાના બધા માનવો એક જ પુરુષ અને એક જ સ્ત્રીમાંથી ઉત્પન્ન થયા છે. આ વિચાર જ માનવોમાં સમાનતા અને ભાઈચારો જાળવી રાખી શકે છે. કુર્આન જણાવે છે કે માનવતા માટે સૌથી મોટી ચિંતા મૃત્યુની હોવી જોઈએ કારણ કે મૃત્યુ એ જીવનનો અંત નથી પરંતુ એક વિરામ છે જેના પછી એક અનંત જીવન છે અને એક નવી દુનિયા છે જેને કુર્આન કયામત, બદલાનો દિવસ અથવા આખિરત કહે છે. આ દિવસે સર્જકની અદાલત લાગશે અને દરેક માનવને પોતાના જીવન વિશે જવાબ આપવો પડશે અને સ્વર્ગ અને નર્કનો નિર્ણય કરવામાં આવશે.

આ પવિત્ર કુર્આનના મૂળભૂત ઉપદેશો છે જે દરેક પ્રાચીન અને આધુનિક માનસિકતા માટે જરૂરી છે, તેનો અર્થસાર હંમેશ સ્થાપિત રહેશે, કારણ કે માણસને હંમેશાં આ માર્ગદર્શનની જરૂર પડશે. આ મૂળભૂત ઉપદેશો ઉપરાંત, કુર્આન માનવ જીવનના તમામ ક્ષેત્રો પર સૈદ્ધાંતિક અને વિગતવાર માર્ગદર્શન આપે છે. આ માર્ગદર્શન દરેક સમય માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. માનવ સમસ્યાઓ તેના વિના ક્યારેય ઉકેલી શકાતી નથી, પછી ભલે તે સમસ્યા વ્યક્તિગત, કૌટુંબિક, સામાજિક સંસ્થાઓ સાથે સંબંધિત હોય, અથવા રાજકારણ અને અર્થતંત્ર સાથે હોય. દુર્ભાગ્યે, આધુનિક યુગનો માણસ કુર્આનથી દૂર છે તેનું એક કારણ એ છે કે કુર્આનનો સંદેશ તે લોકો સુધી પહોંચાડવામાં આવ્યો નથી. બીજું કારણ એ છે કે કુર્આન વિશે ખોટી માન્યતાઓ અને ગેરસમજો ફેલાવવામાં આવી છે, જેના કારણે લોકો શંકા અને ગેરસમજોના ભરડામાં ફસાઈને કુર્આન તરફ આકર્ષિત થતા નથી. પરંતુ હકીકત એ છે કે જ્યારે પણ વ્યક્તિ જાગૃતિ સાથે કુર્આન વાંચે છે અને પૂર્વગ્રહોથી મુક્ત હોય છે, ત્યારે તે તેનાથી પ્રભાવિત થયા વિના રહી શકતો નથી. •••

શકીલ અહમદ રાજપૂત

# આદર્શ સમાજની રચનામાં અદલ (ન્યાય)ની ફિલસૂફી

સૃષ્ટિમાં દરેક વસ્તુ ઇચ્છિત કે અનિચ્છિત રીતે અલ્લાહના આદેશોનું પાલન કરી રહી છે. કેમકે તેમની પાસે પસંદગીની સ્વતંત્રતા નથી. અલ્લાહે તેમને જે કાર્ય કરવા નિર્ધારિત કર્યા છે તેના ઉપર અમલ કરવા તેઓ પાબંદ છે. આપણે રાત્રે ઝગમગ કરતાં તારાઓના સમૂહ, ઊંચા ઊંચા વિશાળકાય અનેરા પર્વતો, હૃદયને આનંદિત કરતો ઠંડો પવન, ચંદ્રનો શીતળ પ્રકાશ અને અંધકારની છાતી ચીરી ઉદય થતો સૂર્ય, લીલાછમ ખેતરો અને વૃક્ષોના ડાળે ઝૂલતા પાંદડાઓ, પક્ષીઓનો કલરવ, જોયા છે. કુદરતનું દરેક દૃશ્ય નયનરમ્ય અને દિલને મોહી લેનાર છે. ક્યારેય વિચાર્યું છે કે પ્રકૃતિમાં આટલી શાંતિ, નિર્દોષતા અને સુંદરતા કેમ છે !!! એક જ શબ્દમાં તેનો જવાબ છે ‘અદ્લ’.

અલ્લાહે ઇન્સાનનું સર્જન કર્યું, જે સૃષ્ટિની દરેક વસ્તુથી જુદો, ચઢિયાતો અને બેનમૂન હતો. ઇન્સાનને અલ્લાહે જ્ઞાનની સમજ અર્પણ કરી અને તેને પસંદગીની સ્વતંત્રતા તથા સમગ્ર સૃષ્ટિને વશ કરવાની મર્યાદિત શક્તિઓ આપી. દુનિયામાં ઇન્સાનનું અવતરણ બીજા જીવોની જેમ એક સામાન્ય જીવ જેવું ન હતું, બલ્કે અલ્લાહે તેને પોતાનો ખલીફા (પ્રતિનિધિ) બનાવીને મોકલ્યો. ખલીફા માલિકના એ નાયબને કહેવામાં આવે છે જે પોતાના વાસ્તવિક માલિકના આદેશોને લાગુ કરે અને તેની ઇચ્છા પ્રમાણે જીવન પસાર કરે. મનુષ્ય જીવન એ પરીક્ષા ખંડ છે, અલ્લાહ વિવિધ પરિસ્થિતિઓ, સંસાધનો, પ્રતિભાઓ, સવલતો, વગેરે આપીને અજમાવે છે કે વ્યક્તિ કેવા કર્મ કરે છે. આ



પરીક્ષાને વાસ્તવિક બનાવવા અલ્લાહે પોતાની જાતને અદશ્ય રાખી અને મનુષ્ય સાથે શેતાનને પણ અવતરિત કરવામાં આવ્યો જે તેને સાચા માર્ગથી વિચલિત કરે છે, અનુચિત કાર્ય કરવા ઉશ્કેરે છે, ખોટી આકાંક્ષાઓમાં ઉલઝાવે છે. ખલીફા બનાવવાનો આશય આ હતો કે મનુષ્ય પોતાના જ્ઞાનનું સંવર્ધન કરે, પોતાના સર્જનાત્મક અને નવીન વિચારો થકી આ પૃથ્વીને શણગારે અને સમગ્ર સંસારને અમન અને શાંતિનું પારણું બનાવે. આ કાર્ય માટે જે શિક્ષણ અને માર્ગદર્શનની જરૂર હતી તે પોતાના પેગંબરો વડે આપવામાં આવ્યા. આ માર્ગદર્શિકા અદ્લના સિદ્ધાંત ઉપર સ્થાપિત હતી.

ઈલાહી (ઈશ્વરીય) માર્ગદર્શન સૂર્યના તાપ અને પ્રકાશની જેમ સમગ્ર માનવજાતિનો વારસો છે. અને દુનિયાને ન્યાય અને શાંતિનો નમૂનો બનાવવા માટેનો એકમાત્ર માર્ગ છે. તેનું અમલીકરણ કરવામાં આવે તો ન માત્ર વ્યક્તિગત જીવનમાં પરંતુ સામૂહિક જીવનમાં પણ શાંતિનો ધ્વજ ફરકાવી શકાય છે. આજે સમગ્ર દુનિયા ઉપર એક નજર કરી જુઓ, ચારે બાજુ જે ખૂનામરકી છે, જે બર્બરતા, ધોકાબાજી, હિંસા અને અશાંતિ છે તેનું મૂળ કારણ 'અદલ'ની ઉણપ છે. કોઈ વ્યક્તિ કે સમૂહ, કોઈ દેશ કે સમાજ જ્યારે પોતાના રચયિતા અલ્લાહના કાનૂનને છોડી પોતાના સ્વાર્થ કે નિર્ધારિત લાભ માટે અન્યાય કરે ત્યારે પૃથ્વીનો તે ભાગ ફસાદ અને અત્યાચારનો ગઢ બની જાય છે.

દુનિયામાં શાંતિની સ્થાપના માટે ન્યાયની નહીં 'અદ્લ'ની જરૂર છે.

અદ્લ એ મૂળ અરબી ભાષાનો શબ્દ છે. પવિત્ર કુર્આનમાં અદ્લ શબ્દનો ઉપયોગ સમાનતા, અધિકાર, સંતુલન, ન્યાયના અર્થમાં કરવામાં આવ્યો છે. ઉર્દૂમાં, 'ઇન્સાફ' શબ્દ સામાન્ય રીતે 'અદલ' માટે સમાનાર્થી તરીકે વપરાય છે, જે શૈક્ષણિક અને શાબ્દિક દૃષ્ટિકોણથી યોગ્ય નથી. ઇન્સાફ (ન્યાય)નો અર્થ છે 'અડધો કરવો'. આમ, તેનો અર્થ ફક્ત અધિકારોની સમાન વહેંચણી સુધી સીમિત થઈ જાય છે, પરંતુ કુર્આનમાં જે 'અદ્લ' શબ્દનો ઉપયોગ થયો છે તે માત્ર અધિકારોની સમાન વહેંચણી સુધી સીમિત નથી, કારણ કે માત્ર સમાનતા પ્રકૃતિની વિરુદ્ધ છે. વાસ્તવમાં ન્યાયની જરૂરિયાત સમાનતાને બદલે સંતુલન અને પ્રમાણ સ્થાપિત કરવાની છે. સમાનતા અદ્લની રૂહ છે, નાગરિક અધિકારો અને નાગરિક સ્વતંત્રતાઓમાં આ ભાવના મોજૂદ છે. પરંતુ જ્યાં સુધી માતા-પિતા અને બાળકો વચ્ચેની સામાજિક સમાનતાનો સંબંધ છે ત્યાં તે નૈતિક રીતે યોગ્ય નથી. શરીઅત અનુસાર, અદ્લ માટે જરૂરી છે કે દરેક વ્યક્તિના કાયદાકીય, બંધારણીય, સાંસ્કૃતિક, રાજકીય, આર્થિક, સામાજિક અને નૈતિક અધિકારો સંપૂર્ણ જવાબદારી અને અલ્લાહ સમક્ષ ઉત્તરદાયિત્વની ભાવના સાથે આપવામાં આવે. કુર્આનમાં અદ્લ માટે કિસ્ત શબ્દનો ઉપયોગ પણ કરવામાં આવ્યો છે.

જેનો જે હક છે અથવા જે જેવા હકને લાયક છે તેને તે હક આપવામાં આવે તે અદ્લ છે. દા.ત. પેનનું કાર્ય લખવાનું છે તેનાથી કાપવાનું કામ લેવામાં આવે તો તે તેના ઉપર જુલ્મ છે, પગરખાંનું કાર્ય પગમાં પહેરવાનું છે,તેને માથા પર મૂકવા તેની ઉપર જુલમ કહેવાશે. ટૂંકમાં કોઈ પણ વસ્તુથી તેની પ્રકૃતિ વિરુદ્ધ કાર્ય લેવું તેના ઉપર જુલમ છે. એટલે અદ્લ પ્રાકૃતિક નિયમનું નામ છે. આપણાં શરીરનું સંતુલન બગડે તો માણસ બીમાર પડી જાય છે અને ડોક્ટરનું કામ શરીરને ફરીથી તે જ સ્થિતિમાં લાવવાનું હોય છે.

અદ્લનો વિરુદ્ધાર્થી શબ્દ જુલ્મ છે. જ્યાં હક આપવામાં નથી આવતા ત્યાં જુલમ અને અત્યાચાર વધી જાય છે. ઇસ્લામે અદ્લની સ્થાપના ઉપર વિશેષ ભાર મૂક્યો છે. અદ્લની પ્રસ્થાપના સફળતાની ચાવી છે. જ્યાં સંતુલન બગડે છે ત્યાં બગાડ ઉત્પન્ન થાય છે. એ પોતાનું શરીર હોય કે સૃષ્ટિ, કુટુંબ હોય કે સમાજ, પશુ પક્ષી હોય કે પર્યાવરણ, અર્થવ્યવસ્થા હોય કે રાજનૈતિક પ્રણાલી.અદ્લ એવા મૂલ્યનું નામ છે જે અનૈતિક આચરણ, અન્યાયી શાસન,અધિકારોનું ઉલ્લંઘન, જવાબદારીનો અભાવ, ભેદભાવ, અસમાનતા જેવા દૂષણોને નાબૂદ કરી દે છે.

બે બાળકો વચ્ચે ભેદભાવ થાય કે પતિ-પત્ની અથવા માતા-પિતા કે સાસુ-સસરા અથવા કુટુંબના બીજા લોકો, જો બીજાના અધિકાર ન આપે તો પરિવારનું સંતુલન બગડી જાય છે. કલેશ અને ઝઘડા થાય છે. સમાજમાં વિવિધ સમુદાયો વચ્ચે ભેદભાવ કરવામાં આવે, પક્ષપાત કરવામાં આવે તો પણ સામાજિક તુલામાં વિક્ષેપ ઊભો થાય છે. ન્યાયાલયમાં કોઈ પણ વસ્તુના આધારે જો અન્યાય કરવામાં આવે તો તેના પરથી વિશ્વાસ ઊઠી જાય છે. કાયદાઓના અમલીકરણમાં ભેદભાવ અથવા કાયદાઓ બનાવવામાં કે આર્થિક નીતિઓ ઘડવામાં પક્ષપાત કરવાથી પણ

સમાજમાં પીડિત માનસિકતાનો ભાવ ઉત્પન્ન થાય છે, જેના ઊંડા પ્રત્યાઘાતો પડે છે. આ સમગ્ર સમસ્યાઓનો એક માત્ર ઉપચાર અદ્‌લની પ્રસ્થાપના છે.

વ્યક્તિગત, પારિવારિક અને સામાજિક સ્વાર્થથી ઉપર ઊઠી ઈસ્લામે દરેક પરિસ્થિતિમાં અદ્‌લ ઉપર કાયમ રહેવાનું શિક્ષણ આપ્યું છે. કુર્આનમાં અલ્લાહ ફરમાવે છે,

**''હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો! અદ્‌લ (ન્યાય)ના ધ્વજવાહક બનો અને અલ્લાહ માટે સાક્ષી આપનારા બનો, ભલે તમારા ન્યાય અને તમારી સાક્ષીની વિરુધ્ધ અસર સ્વયં તમારા પર અથવા તમારા માતા-પિતા અને સગાઓ પર જ કેમ ન પડતી હોય. મામલાથી સંબંધ ધરાવનાર પક્ષ ચાહે ધનવાન હોય કે ગરીબ, અલ્લાહ તમારાથી વધુ તેમનો શુભેચ્છક છે, આથી પોતાની મનેચ્છાઓનું અનુસરણ કરીને ન્યાયથી હટો નહીં અને જો તમે અધૂરી અને પક્ષપાતપૂર્ણ વાત કહી અથવા સાચી વાત કહેવાનું ટાળ્યું તો જાણી લો કે જે કંઈ તમે કરો છો અલ્લાહને તેની ખબર છે.''**

(સૂરઃ નિસાઃ૧૩૫)

અને સમાજમાં સંબંધોની સુવાસ અને ભાવનાઓમાં મીઠાશ ઉત્પન્ન કરવા અને સામાજિક દૂષણોને નાથવા માટે અલ્લાહ આદેશ આપે છે,

**''અલ્લાહ અદ્‌લ (ન્યાય) અને એહસાન (ઉપકાર અને ભલાઈ) કરવા અને સગાઓ સાથે સદ્‌ર્તાવનો હુકમ આપે છે અને બૂરાઈ અને અશ્લીલતા અને અત્યાચાર અને અતિરેકની મનાઈ કરે છે. તે તમને શિખામણ આપે છે જેથી તમે બોધ ગ્રહણ કરો.''** (સૂરઃનહ્‌લ - ૯૦)

**પસંદગી અને નિમણૂકનો આધારઃ**

માનવી સામાજિક અસ્તિત્વ ધરાવે છે અને સામાજિક વ્યવસ્થાના સંચાલન માટે કોઈ વ્યક્તિને બાગડોર સોંપવામાં આવે છે. નેતૃત્વ માટે ઈસ્લામે રંગ ભેદ, ભાષા અને વર્ણથી ઉપર ઊઠીને યોગ્યતાને આધાર બનાવ્યો છે જેની ઉણપ આજે સમગ્ર ભારતીય સમાજમાં જોવા મળે છે.એ નેતૃત્વ સંગઠનનું હોય કે સંસ્થાનું, સમાજનું હોય કે દેશનું, કાર્યના અમલીકરણ માટે જવાબદારી આપવી હોય કે કોઈ વિશેષ કાર્ય માટે કોઈની પસંદગી કરવાની હોય, અલ્લાહ ફરમાવે છે;

**''મુસલમાનો ! અલ્લાહ તમને હુકમ આપે છે કે અમાનતો અમાનતદાર લોકો (Worthy of Trust)ને સોંપો, અને જ્યારે લોકો વચ્ચે ફેંસલો કરો તો ન્યાયપૂર્વક કરો, અલ્લાહ તમને સર્વોત્તમ શિખામણ આપે છે અને ચોક્કસપણે અલ્લાહ બધું જ સાંભળે અને જુએ છે''.**

(સૂરઃનિસા-૫૮)

**ન્યાયપ્રણાલીમાં અદ્‌લ :**

આજે આપણાં દેશમાં નીચલી કોર્ટથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી ન્યાય વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે.ન્યાય પ્રણાલીની સ્વતંત્રતા નિયંત્રિત કે મર્યાદિત કરવામાં આવી રહી છે.નિર્ધારિત ચુકાદાઓ મેળવવા માટે પસંદગીના ન્યાયાધીશને કેસ સોંપવામાં આવે છે અથવા નિયમોને નેવે મૂકી તેમની વરણી કરવામાં આવે છે . અથવા કેટલીક વાર નિર્ધારિત લાભ મેળવવા ન્યાયાધીશો પણ ન્યાયની તુલામાં દાંડી મારે છે. અલ્લાહે સ્પષ્ટ શબ્દોમાં આદેશ આપ્યો છે કે,

**''તેથી હે મુહમ્મદ ! હવે તમે તે દીન (ધર્મ) તરફ બોલાવો, અને જેવી રીતે તમને આદેશ આપવામાં આવ્યો છે, તેના જ ઉપર દૃઢતાપૂર્વક કાયમ થઈ જાઓ, અને આ લોકોની ઈચ્છાઓનું પાલન ન કરો, અને આમને કહી દો કે, ''અલ્લાહે જે ગ્રંથો પણ અવતરિત કર્યા છે હું તેના પર ઈમાન લાવ્યો. મને આદેશ આપવામાં આવ્યો છે કે હું તમારી વચ્ચે ન્યાય કરૂં. અલ્લાહ જ અમારો રબ (માલિક અને પાલનહાર) પણ છે અને તમારો રબ પણ. અમારા કર્મો અમારા માટે છે અને તમારા કર્મો તમારા માટે. આપણી વચ્ચે કોઈ તકરાર નથી. અલ્લાહ એક દિવસે આપણને સૌને એકત્ર કરશે અને તેની જ તરફ સૌને જવાનું છે.''**

(સૂરઃશૂરા-૧૫)

અને બીજા સ્થાને કહ્યું,

**''અને ફેંસલો કરો તો પછી બરાબર ન્યાયપૂર્વક કરો, કેમ કે અલ્લાહ ન્યાય કરનારાઓને પસંદ કરે છે.''** (સૂરઃમાયદા-૪૨)

**આર્થિક મામલામાં ન્યાય :**

આવી રીતે બીજી જગ્યાએ આર્થિક ન્યાયની હિદાયત આપી છે, કોઈ પણ રીતે ગ્રાહકને છેતરવામાં ન આવે, વ્યાજ લેવામાં ન આવે, જૂઠ અને છેતરપિંડી કરવામાં ન આવે, ભાવ વધારવા માટે વસ્તુઓની સંગ્રહખોરી કરવામાં ન આવે, બેફામ નફો ન રળવામાં આવે. એવી નીતિઓ ન બનાવવામાં આવે જેથી ગરીબોનુ શોષણ થાય.વારસા વહેંચણી કાયદાકીય રીતે કરવામાં આવે. અનાથો અને વિધવાઓનો માલ કબજે ન કરવામાં આવે, એટલે કોઈ પણ રીતે બીજાનો માલ સંપત્તિ ખાવામાં ન આવે. અલ્લાહ ફરમાવે છેઃ

**''અને તમે લોકો ન તો પરસ્પર એકબીજાની સંપત્તિ અનુચિત રીતે ખાઓ અને ન અધિકારીઓ સમક્ષ તેને એ આશયથી રજૂ કરો કે તમને બીજાઓની સંપત્તિનો કોઈ ભાગ ઈરાદાપૂર્વક અન્યાયી રીતે ખાઈ જવાની તક મળી જાય.''**

(સૂરઃ બકરહ-૧૮૮)

કુર્આનના આદેશો કોઈ ફિલસૂફી નથી, ન જ કોઈ ભલામણ માત્ર છે, બલ્કે આ સિદ્ધાંતો ઉપર એક સમગ્ર સમાજનું નિર્માણ કરીને બતાવ્યું છે. હઝરત મુહમ્મદ સ. અ. વ. અને ખૂલફાએ રાશિદીન-તેમના નાયબના પવિત્ર જીવન પ્રસંગોમાંથી અમુક દાખલાઓ અહીં આપી શકાય . જેમકે, એક વાર ખૂબ જ પ્રતિષ્ઠિત કબીલા બનૂ મખ્ઝૂમની એક મહિલાએ ચોરી કરી, કુરૈશ તેમના સન્માનના લીધે તેને સજાથી બચાવવા માંગતા હતા. તેથી હઝરત ઉસામા બિન ઝૈદ રદિ. દ્વારા તેની ભલામણ કરાવવામાં આવી. ભલામણ સાંભળતાં જ, પયગંબર હઝરત મુહમ્મદ સ. અ. વ.નો ચહેરો લાલ થઈ ગયો અને તેમણે કહ્યું: **''બની ઈઝરાયેલનો નાશ આ જ કારણે થયો હતો. તેઓ ગરીબોને સજા આપતા હતા અને અમીરોને છોડી દેતા હતા. સોગંધ એ જાતના જેના હાથમાં મારૂં જીવન છે, જો મારી પુત્રી ફાતિમાએ ચોરી કરી હોત તો તેનો હાથ કપાઈ ગયો હોત.''**

એક વખત એક મુસલમાન અને યહૂદી વચ્ચે ઝઘડો થયો. બંને આપ સ.અ.વ.ની સેવામાં હાજર થયા. આપે બંનેની વાતો સાંભળી ચુકાદો યહૂદીની તરફેણમાં આપ્યો.

આપ સ. અ. વ.ના કાકા હઝરત અબ્બાસ પણ બદ્રના કેદીઓમાં હતા. તેમણે તેમને કોઈ ખાસ છૂટ આપી ન હતી. તેમની વેદના જોઈને આપ સ.અ.વ. આખી રાત સૂઈ ન શક્યા.

હઝરત અબુ બકર સિદ્દીક રદી.નો અદ્‌લ સંબંધી ઉપદેશ સમાજના દરેક સત્તાધીશો માટે એક દાખલો છે. જેમાં આપે કહ્યું હતું કે તમારામાંના દરેક મારી સામે નબળા છે. જ્યાં સુધી હું તેની પાસે નબળા વ્યક્તિનો હક પાછો નહીં અપાવું.

હઝરત ઉમર તેમના તમામ ગવર્નરોને હજના પ્રસંગે જનતા સમક્ષ રજૂ કરતા હતા. તેઓ તેમની સામે જાહેરમાં ફરિયાદ કરી શકતા હતા. ઈજિપ્તના ગવર્નરના પુત્રએ એક સામાન્ય માણસને ચાબુક માર્યો હતો. લોકોની સામે જાહેરમાં તેનાથી બદલો લેવામાં આવ્યો અને ગુનેગાર તરફથી કોઈ બહાનું સ્વીકારવામાં ન આવ્યું.

ખિલાફાહ-એ-રશિદામાં, કાઝીએ એકવાર હઝરત અલી રદિ. વિરુદ્ધ ચુકાદો આપ્યો, જો કે તે સમયે આપ ખલીફા હતા.

અદ્‌લ એવી વસ્તુ છે જેણે વિશ્વ વ્યવસ્થા જાળવી રાખી છે. જો દુનિયામાંથી ન્યાય હટાવવામાં આવશે તો આ ફેક્ટરી નાશ પામશે. અરાજકતા,અંધેર,રાજદ્રોહ અને ભ્રષ્ટાચારનું સર્વત્ર રાજ થશે . આ બગાડ અને અશાંતિને ખતમ કરવાનો એકમાત્ર રસ્તો અદ્‌લ (ન્યાય)ના કાયદાનો અમલ છે.

ન્યાયને વળગી રહેનારાઓને સારા સમાચાર આપવામાં આવ્યા છે. કયામતના દિવસે જે લોકો ને અલ્લાહના અર્શના છાયડામાં સ્થાન આપવામાં આવશે તેમાં એક ઈમામે આદિલ (ન્યાય કરનાર શાસક) હશે. જ્યારે કે તે દિવસે તેના સિવાય બીજો કોઈ પડછાયો નહીં હોય. એક જગ્યાએ કહેવામાં આવ્યું કે કયામતના દિવસે સર્વોચ્ચ સ્થાન ન્યાયિક શાસકને આપવામાં આવશે.

ન્યાયનું આ વ્યવહારૂ મોડેલ છે અને તેને અપનાવવામાં જ આપણો ઉદ્ધાર છે. જો આપણે એક આદર્શ સમાજની રચના કરવા માંગતા હોઈએ તો 'અદ્‌લ'ના આ મૂલ્યને જીવંત કરવું પડશે. તેથી મુસલમાનોની વિશેષતાનું વર્ણન કરતાં અલ્લાહ ફરમાવે છે,


**''અમારા સર્જનોમાં એક જૂથ એવું પણ છે જે તદ્દન સત્ય અનુસાર માર્ગદર્શન કરે છે અને સત્ય અનુસાર અદ્‌લ (ન્યાય) કરે છે.''**

(સૂરઃ આ'રાફ-૧૮૧ )

●●●


**Prince Fabrication**

Akil bhai M. 9426584514
Ibrahim bhai M. 9723713519
Ismail bhai M. 9409407917



ALL KIND OF GATE, GRILL, CHANAL GATE, SPIRAL STAIR, STAIR RAILING

205, LOKHANDWALI'S CHAWL, OPP. MOHAMMADI MASJID, RAKHIYAL ROAD, BAPUNAGAR, AHMEDABAD - 380024 (O) : 079 - 22742658

ડૉ. મુહમ્મદ સલીમ પટીવાલા

# માનવ જીવનનો ઉદ્દેશ્ય કુર્આનના પ્રકાશમાં



**આ**પણી ચોમેર જે અસીમ સૃષ્ટિ વિસ્તરેલ છે, જેની અંદર અગણિત તારા, ગ્રહો અને ઉપગ્રહો કંડારાયેલ છે, જેના વેગળા ખૂણાઓથી તેના પ્રકાશના કિરણોને આપણી ધરતી પર પહોંચતા કરોડો વર્ષ લાગે છે. (પ્રકાશની ગતિ એક સેકન્ડની ત્રણ લાખ કિલો મિટર છે.) આ સૃષ્ટિ અનાદિ નથી, પણ તે કેટલાક અબજો વર્ષ પૂર્વે અસ્તિત્વમાં આવેલ છે. આ સૃષ્ટિ આપ મેળે શૂન્યમાંથી સર્જિત થયેલ નથી, કારણ કે એમ થવું અસંભવ છે. આ રચના ઈશ્વર સર્જિત એક નક્કર અને વ્યવસ્થિત રચના છે. ઈશ્વરે તેના જ્ઞાન અને ડહાપણ વડે આ સૃષ્ટિનું સર્જન કર્યું છે. અને આ સૃષ્ટિનું સર્જન એક ચોક્કસ હેતુ માટે જ કરવામાં આવ્યું છે.

પવિત્ર કુર્આન આ હકીકતની સાક્ષી આ રીતે આપે છે:

**''આ આકાશો અને ધરતી અને તેમના વચ્ચેની વસ્તુઓ અમે કંઈ રમતના રૂપમાં નથી બનાવી. તેમને અમે સત્યપૂર્વક પેદા કરી છે, પરંતુ આમાંના ઘણાંખરા જાણતા નથી.''** (૪૪:૩૮,૩૯)

કુર્આન અનુસાર, બ્રહ્માંડની દરેક નાની અને મોટી વસ્તુ ચોક્કસ સમયગાળા માટે, ચોક્કસ ડહાપણ હેઠળ પોતાનું કાર્ય કરી રહી છે. જ્યારે તમામ પ્રાણીઓ, પક્ષીઓ અને જાનવરો પણ એક ચોક્કસ હેતુ માટે અસ્તિત્વમાં આવ્યા છે અને હેતુ વિના સર્જન કરવું એ ખુદ સર્જક (અલ્લાહ)ના મહિમાની વિરુદ્ધ છે, ત્યારે આ સૃષ્ટિનો સૌથી શ્રેષ્ઠ અને ઉમદા પ્રાણી 'માણસ' નકામો હોય તે કેવી રીતે શક્ય છે? માનવી માત્ર આનંદ-શોખ માટે અથવા ખાવા કમાવવા માટે જ બનાવવામાં આવ્યો હોય એ અકલ્પનીય છે. સૃષ્ટિના સર્જક અલ્લાહના કોઈ પણ કાર્યને જ્ઞાન અને હેતુ વિના હોવાની કલ્પના કરવી અવિશ્વાસ (કુફ્ર) છે, એવું બને છે કે કોઈ વસ્તુમાં છુપાયેલ અલ્લાહનું જ્ઞાન અને તેની મંશા આપણે સમજી શકતા ન હોઈએ પણ સૃષ્ટિનું કણે કણ એ વાતની ગવાહી આપી રહ્યું છે કે અલ્લાહની કોઈ પણ રચના ખામીયુક્ત કે નકામી નથી. પવિત્ર કુર્આનમાં પણ માનવ જીવનને અર્થહીન તરીકે વર્ણવવામાં આવ્યું નથી. જીવન અને મૃત્યુની ફિલસૂફીનું વર્ણન કરતી વખતે, કુર્આન સ્પષ્ટ કરે છે:

**''જેણે મૃત્યુ અને જીવનનો આવિષ્કાર કર્યો જેથી તમને લોકોને અજમાવીને જુએ કે તમારામાંથી કોણ સારાં કર્મ કરનાર છે, અને તે પ્રભુત્વશાળી પણ છે અને ક્ષમા કરવાવાળો પણ.''** (૬૭:૨)

સ્વાભાવિક છે કે વ્યવહારિક હેતુ માટે અમુક પ્રકારનો હેતુ અને ઉદ્દેશ્ય જરૂરી છે, જેને પ્રાપ્ત કરવા માટે પ્રેરણા આપવામાં આવે છે અને તે હેતુના સંદર્ભે વ્યક્તિની ક્રિયાઓની સુસંગતતા અથવા અસંગતતા નક્કી કરવામાં આવે છે કે તે વ્યક્તિ સફળ થઈ કે નિષ્ફળ નીવડી. જીવનમાં તેનું પ્રદર્શન કેવા પ્રકારનું છે. પવિત્ર કુર્આન અનુસાર, જીવન એ ધ્યેય પ્રાપ્ત

કરવાનો પ્રયાસ છે અને મૃત્યુ એ અંતિમ પરિણામની ક્ષણ છે. તેથી, માનવ જીવનનું સોદ્દેશ્ય હોવું જ સૃષ્ટિના ઔચિત્યની મુખ્ય દલીલ છે.

પવિત્ર કુર્આનનો અભ્યાસ સાબિત કરે છે કે માનવ જીવનનું લક્ષ્ય અને ઉદ્દેશ્ય "નૈતિક પૂર્ણતાની પ્રાપ્તિ" છે. આ સંદર્ભમાં આ આયત મહત્ત્વપૂર્ણ છેઃ

**"મેં જિન્નાતો અને મનુષ્યોને આના સિવાય બીજા કોઈ કામ માટે પેદા કર્યા નથી કે તેઓ મારી બંદગી (ઉપાસના) કરે. હું તેમનાથી કોઈ રોજી નથી ઇચ્છતો અને ન એવું ચાહું છું કે તેઓ મને ખવડાવે." (૫૧:૫૬,૫૭)**

આ આયત માનવ જીવનના હેતુ અને તેની રચનાના ઉદ્દેશ્યને સ્પષ્ટ રીતે સમજાવે છે કે મનુષ્યનું સર્જન અલ્લાહે પોતાની જરૂરિયાતોમાંથી કોઈ માટે નથી કર્યું, કારણ કે તે સંપૂર્ણપણે આત્મનિર્ભર, સર્વશક્તિમાન અને બેનિયાઝ છે. તેને કોઈ પણ રીતે કોઈ જીવની જરૂરિયાત કે હાજત ન હતી, તેથી કોઈએ એવું ન વિચારવું જોઈએ કે કદાચ ઈશ્વરની સર્જનાત્મકતા માનવના સર્જન થકી જ જાહેર થઈ શકતી હતી અથવા તેના કોઈ પણ ગુણની પરિપૂર્ણતા આનાં ઉપર નિર્ભર હતી, અથવા તેના પોતાના અસ્તિત્વ માટે માનવ સર્જન જરૂરી હતું. ના, અલ્લાહે માનવને એટલા માટે બનાવ્યો કે તે તેની ઈબાદત થકી નૈતિક પૂર્ણતા પ્રાપ્ત કરી શકે. કારણ કે તેની ઉપાસનાની ચેતના જ અને તેની ગુલામીનો સ્વીકાર જ માનવને માનવતાનો ઉચ્ચ ધોરણ અને પૂર્ણતા અપાવી શકે છે.

ઉલ્લેખિત આયાતમાં 'બંદગી' શબ્દ પરથી, કોઈ એવું વિચારી શકે છે કે ઈબાદત અને બંદગી એ જ બાબતો છે જેને સામાન્ય રીતે અર્કાને ઈબાદત દાખલા તરીકે; નમાઝ, ઉપવાસ, હજ, જકાત વગેરેનાં નામે ઓળખ્વમા આવે છે. શું આ જ ઈબાદતો માનવ જીવનનો ઉદ્દેશ્ય છે? આ ધારણા ખોટી છે, કારણ કે કુર્આન તો ઈબાદત અને બંદગીને જ માનવ સર્જનનો એકમાત્ર હેતુ જાહેર કરી રહ્યો છે. જો ઈબાદતનો અર્થ માત્ર નમાઝ હોય, તો તે દિવસમાં પાંચ વખત જ ફરજિયાત છે. શું માત્ર દિવસના ૨૪ કલાકમાં પાંચ નમાઝો પઢવી જ જીવનનો ઉદ્દેશ્ય હોઈ શકે? અને બાકી સમય જાવનનો ઉદ્દેશ્ય શું હોઈ શકે? જો ઈબાદતનો અર્થ માત્ર રમઝાનના રોઝા હોય તો વર્ષમાં એક જ માસ માટે છે બાકી દિવસોનું શું? ઈબાદતનો અર્થ માત્ર ઝકાત હોય, તો તે પણ વર્ષમાં એક વાર માત્ર સાહબે નિસાબ માટે ફરજિયાત છે. આ રીતે, બાકીના સમયગાળામાં, અન્ય લોકો માટે તેમના જીવનના ધ્યેયનું કોઈ ઔચિત્ય જ નથી જણાતું. જો ઈબાદતનો અર્થ ફક્ત હજ તરીકે કરવામાં આવે તો, તે જીવનભરમાં માત્ર એક જ વાર ફરજિયાત છે અને એ પણ તેના માટે જે આની ક્ષમતા ધરાવતો હોય. આ જીવનનો ધ્યેય ન હોઈ શકે.

જો ઈસ્લામના આ અરકાન સાથેની તમામ ઈબાદતોનો પણ સમાવેશ કરવામાં આવે અને બધી એક સાથે હોય તો પણ સમગ્ર જીવનની એક-એક ક્ષણને આવરી શકાતી નથી. માણસ ખાય છે, પીવે છે, ઊંઘે છે અને જાગે છે. તે લગ્ન કરે છે, વેપાર કરે છે અને વ્યવસાય કરે છે, અને જીવનની અન્ય તમામ બાબતોનું સંચાલન કરે છે. આ બધી બાબતોને 'ઈબાદત'ની શ્રેણીમાં સમાવી શકાય નહીં. પછી આ સમગ્ર જીવનવ્યવહાર ચાલુ રાખવાનો આદેશ પણ ઈસ્લામ દ્વારા આપવામાં આવ્યો છે, કારણ કે તેને છોડી દેવો અને આખો સમય ઈબાદત અને ઉપાસનામાં વ્યસ્ત રહેવું એ "રુહબાનિયત (સન્યાસ)" છે, જેને ઇસ્લામ દ્વારા જીવન પદ્ધતિ તરીકે અપનાવવાની મંજૂરી આપવામાં આવી નથી.

### ઈબાદતની સાચી કલ્પના

પ્રશ્ન એ થાય છે કે એવી કઈ ઈબાદત છે જેને માનવ જીવનનું ધ્યેય અને સૂત્ર જાહેર કરવામાં આવ્યું છે, જે જીવનના તમામ ક્ષેત્રોમાં અને બાબતોમાં જળવાઈ રહે. અહીં એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે મુખ્ય ધ્યેય અને હેતુ એને જ કહી શકાય છે જેને કોઈ પણ સંજોગોમાં અવગણી શકાય નહીં. હેતુ વિનાની બેદરકારી સાથે વિતાવેલી એક પણ ક્ષણ અલ્લાહના દરબારમાં પાપ અને અણગમતી છે.

આ મૂંઝવણ અને શંકાને દૂર કરવાનો એકમાત્ર રસ્તો એ છે કે ઈબાદત અને બંદગીના વ્યાપક અને સર્વાંગી ખ્યાલને ધ્યાને લેવામાં આવે જે માનવ જીવનની તમામ બાબતો પર પ્રભુત્વ ધરાવતો હોય, જેનો ઉલ્લેખ પવિત્ર કુર્આનમાં આ શબ્દોમાં કરવામાં આવ્યો છે : **"નેકી (સદાચાર) એ નથી કે તમે તમારા ચહેરા પૂર્વ તરફ કરી લીધા કે પશ્ચિમ તરફ, બલ્કે નેકી એ છે કે મનુષ્ય અલ્લાહને અને આખિરત (પરલોક)ના દિવસને અને ફરિશ્તાઓને અને અલ્લાહે અવતરિત કરેલ ગ્રંથને અને તેના પયગંબરોને હૃદયપૂર્વક માને અને અલ્લાહના પ્રેમમાં પોતાનું પ્રિય ધન સગાઓ અને અનાથો પર, નિર્ધનો અને મુસાફરો પર, મદદ માટે હાથ લંબાવનારાઓ પર અને ગુલામોની મુક્તિ પર ખર્ચ કરે, નમાઝ કાયમ કરે અને ઝકાત આપે અને નેક (સદાચારી) એ લોકો છે કે જ્યારે વચન આપે તો તેને પૂરું**

**કરે અને તંગી તથા મુસીબતમાં તથા સત્ય અને અસત્યની લડાઈમાં ધૈર્યથી કામ લે. આ છે સાચા લોકો, અને આ જ લોકો સંયમી (મુત્તકી) છે.''** (૨:૧૭૭)

આ મહત્ત્વપૂર્ણ આયાતમાં ઈબાદત અને નેકીના વાસ્તવિક ખ્યાલનું વર્ણન કરતા પહેલાં સામાન્ય માનસમાં મોજૂદ કથિત ખ્યાલને નકારી કાઢવામાં આવ્યો છે. લોકોના મનમાં સામાન્ય રીતે એક મર્યાદિત ખ્યાલ સ્થાપિત થયેલ હોય છે અને તેઓ નમાઝ જેવી ઈબાદતને જ ઈબાદત અથવા બંદગી કહે છે. જીવનની અન્ય બાબતોને સાંસારિક બાબતો ગણવામાં આવે છે. સૌ પ્રથમ, કુર્આને ઈબાદતના આ બાહ્ય ખ્યાલને જાકારો આપ્યો અને કહ્યું કે ભલાઈનો અર્થ એટલો સીમિત નથી કે બાકીના વ્યવહારિક જીવન સાથે તેને કોઈ લેવાદેવા નથી. ઊલટાનું, ઈબાદતનો કુર્આની વિચાર એટલો વ્યાપક છે કે તે વૈચારિક અને વ્યવહારિક જીવનના તમામ પાસાઓને આવરી લે છે. ઈબાદતની ઈસ્લામની વિભાવના એ છે કે માનવ જીવનમાં નીચેની લાક્ષણિકતાઓ હોવી જોઈએ:

**(૧) અકીદા(આસ્થા)ની શુદ્ધતા:** જેમાં અલ્લાહ, આખિરત, આકાશીય પુસ્તકો, રસૂલો અને પયગંબરોમાં વિશ્વાસ કરવો જરૂરી છે.

**(૨) અલ્લાહથી પ્રેમ:** જેનો પુરાવો અલ્લાહની મખ્લૂક પ્રત્યે પ્રેમ, સેવા અને બલિદાન આપીને આપવો જોઈએ.

**(૩) અલ્લાહના રાહમાં ખર્ચ :** તમારા સંસાધનો અને સંપત્તિ નજીક અને દૂરના સંબંધીઓ, અનાથ અને ગરીબો, અને ગુલામી અને તંગીમાં સપડાયેલ લોકોનાં ઉત્થાન અને આરામ માટે ખર્ચ કરવી.

**(૪) સદ્કાર્યો :** નમાઝ અને રોઝાના નિયમોનું પાલન.

**(૫) વાયદાનું પાલન:** જે નિર્ણય લેવામાં આવે અથવા જે વાયદો કરવામાં આવે તેના પર હિંમત અને દૃઢ નિશ્ચય સાથે અડગ રહેવું.

**(૬) સબ્ર અને ધીરજ:** સત્યના માર્ગમાં અને અસાધારણ પરિસ્થિતિઓમાં બધી મુશ્કેલીઓ અને કષ્ટોને સબ્ર અને ધીરજ સાથે સહન કરવી.

**(૭) અલ્લાહના માર્ગમાં સતત સંઘર્ષ અને પ્રયત્ન:** સત્યને ખાતર કોઈ પણ પ્રકારના વિરોધ અને સંઘર્ષથી ડર્યા વિના સતત કામ કરતા રહેવું.

ઉપરોક્ત બાબતો જ અલ્લાહની સાચી અને સર્વાંગી ઈબાદત છે. સંપૂર્ણ ઈબાદત અને બંદગી એ છે કે વ્યક્તિએ તેનું સમગ્ર જીવન તેના સર્જક અને માલિકને ખુશ કરવા માટે જીવવું જોઈએ. જો કોઈ વ્યક્તિ અમુક કાર્યો અલ્લાહની ઈચ્છા અનુસાર અને અમુક તેની વિરુદ્ધ કરે છે, તો તેને નૈતિક પૂર્ણતા અથવા સંપૂર્ણ બંદગી તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવશે નહીં.

### નૈતિક પૂર્ણતાનું સર્વોચ્ચ સ્વરૂપ; અલ્લાહની પ્રસન્નતા મેળવવી

માનવ જીવનનું સૂત્ર નૈતિક પૂર્ણતા છે અને નૈતિક પૂર્ણતામાં સંપૂર્ણ બંદગી છે.. તેનું સર્વોચ્ચ સ્વરૂપ ''અલ્લાહની રઝા (પ્રસન્નતા)''ની પ્રાપ્તિ છે. આનો અર્થ એ કે માનવ જીવનનું વાસ્તવિક ધ્યેય અને હેતુ અલ્લાહની ઈબાદત કરી તેની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનું છે. બીજા શબ્દોમાં કુર્આન ઈન્સાનને 'ઈન્સાને મુર્તુઝા' અર્થાત્ તે ઈન્સાન જેને અલ્લાહની રઝા અને પ્રસન્નતા હાસલ થયેલ હોય બનાવવા માંગે છે.

માનવજીવનની રચના અને અસ્તિત્વનો મુખ્ય હેતુ અલ્લાહની પ્રસન્નતા મેળવવાનો છે. આ એક મહાન ને'મત છે જેનો વિકલ્પ આ સૃષ્ટિમાં બીજો કોઈ ન હોઈ શકે. કુર્આનમાં અલ્લાહ ફરમાવે છે:

**''આ સદાબહાર બાગોમાં તેમના માટે સ્વચ્છ રહેવાની જગ્યાઓ હશે, અને સૌથી વધીને એ કે અલ્લાહની પ્રસન્નતા તેમને પ્રાપ્ત હશે. આ જ મોટી સફળતા છે.''** (૯:૭૨)

જ્યારે અલ્લાહની રઝા(પ્રસન્નતા) જીવનનો ઉદ્દેશ્ય બની જાય છે અને વ્યક્તિના સમગ્ર જીવનને આવરી લે છે, ત્યારે તેનું બેસવું, ખાવું, પીવું, સૂવું, જાગવું, ચાલવું, અર્થાત્ જીવનનો સમગ્ર વ્યવસાય ઈબાદત અને બંદગી બની જાય છે. તેમનો દરેક શ્વાસ અને દરેક ક્ષણ બંદગી ગણાય છે. જો કોઈ વ્યક્તિ અલ્લાહની ઈચ્છા ખાતર લગ્ન કરે છે, તો તે પણ બંદગી છે. જો પત્ની બાળકો પ્રત્યે કરુણા અને પ્રેમ બતાવે તો તે પણ બંદગી છે. જો કોઈ વ્યક્તિ જીવનના કાર્યોમાં વ્યસ્ત હોય, તો તે પણ બંદગી છે. માનવ જીવનની દરેક હિલચાલ અને શાંતિ પણ સંપૂર્ણ ઈબાદત અને બંદગીમાં ફેરવાઈ જાય છે. પવિત્ર કુર્આન આ ખ્યાલને નીચે પ્રમાણે સમજાવે છે:

**''તેમાં એવા લોકો સવાર-સાંજ તેની તસ્બીહ (ગુણગાન) કરે છે જેમને વેપાર અને ખરીદ-વેચાણ અલ્લાહના સ્મરણથી અને નમાઝ કાયમ કરવા અને ઝકાત આપવાથી ગાફેલ કરી દેતા નથી.''** (૨૪:૩૭)

જેમના જીવનની દરેક ક્ષણ અલ્લાહની યાદ અને તેની પ્રસન્નતા માટે સમર્પિત હોય છે, આ વ્યક્તિને જોઈને પણ અલ્લાહ યાદ આવે છે. જેમ કે નબી સ.અ.વ. ફરમાવે છે:

**''શું હું તમને એવા લોકો વિશે ન કહું જે તમારા કરતા સારા છે? સહાબીઓએ કહ્યું, હા, હે અલ્લાહના રસૂલ સ.અ.વ.! ત્યારે રસૂલુલ્લાહ સ.અ.વ.એ ફરમાવ્યું: તમારામાં શ્રેષ્ઠ**

**તે છે જેમને જોતાંની સાથે જ અલ્લાહ યાદ આવે છે.''(ઇબ્ને માજા-૪૧૧૯)**

પવિત્ર કુર્આન આ હકીકતને નીચે પ્રમાણે સમર્થન આપે છે :

**''હે નબી ! લોકોને કહી દો, ''જો તમે ખરેખર અલ્લાહને પ્રેમ કરતા હોવ તો મારૂં અનુસરણ કરો, અલ્લાહ તમારા સાથે પ્રેમ કરશે અને તમારી ભૂલોને માફ કરી દેશે. તે મોટો ક્ષમા આપનાર અને દયાળુ છે.''** (૩ઃ૩૧)

આ છે માનવ જીવનનો હેતુ જે કુર્આન કરીમના અધ્યયનથી જણાઈ આવે છે. માનવ જીવનનો વાસ્તવિક હેતુ અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો છે અને જેના પરિણામ સ્વરૂપે આ દુનિયા અને આખિરતની સફળતા પ્રાપ્ત કરી શકે. આ ધ્યેય હાંસલ કરવા માટે એ જાણવું જરૂરી છે કે અલ્લાહની ખુશી માટે કેવા પ્રકારની ચિંતા, કેવા પ્રકારનો જુસ્સો અને કેવા પગલાની જરૂર છે, અને આ બધી બાબતો આપણે વ્હાલા નબી સ.અ.વ.ની સીરતથી સંપૂર્ણપણે મેળવી શકીએ છીએ.

### મુસ્લિમોનું જીવન ધ્યેય

આની સાથે આપણે જ્યારે કુર્આનનું અધ્યયન કરીએ છીએ તો એક બીજી વાસ્તવિકતા પરથી પણ પડદો ઉંચકાય છે કે અલ્લાહે મુસ્લિમ મિલ્લતને પણ એક ચોક્કસ ધ્યેય સાથે આ દુનિયામાં પેદા કરેલ છે. આ વાત ક્યારેક ઉમ્મતે મુસ્લિમાનું ધ્યેય કહીને વર્ણવવામાં આવી છે અને ક્યારેક પયગમ્બરોને મોકલવાના ઉદ્દેશ્ય તરીકે વર્ણવામાં આવી છે.

કુર્આનમાં કહેવામાં આવ્યું છેઃ

**''અને આવી રીતે તો અમે તમને (મુસલમાનોને) એક ''ઉમ્મતે વસત'' (ઉત્તમ સમુદાય) બનાવેલ છે, જેથી તમે દુનિયાના લોકો ઉપર સાક્ષી રહો અને પયગંબર તમારા ઉપર સાક્ષી રહે.''** (૨ઃ૧૪૩)

ઉમ્મતે મુસ્લિમાને ઉત્તમ સમુદાય એટલા માટે જ કહેવામાં આવ્યા છે કે તે લોકો પર એ બધી વાતની સાક્ષી પોતાની વાણી અને વર્તનથી આપે છે જેવી રીતે રસૂલોએ આ સાક્ષી પોતાનાં જીવન પર્યંત આપી અને અલ્લાહના અંતિમ રસૂલ હઝરત મુહમ્મદ સ.અ.વ.એ પોતાના જીવનના દરેક ક્ષણે આપી બતાવી.

બીજી જગ્યાએ કુર્આનમાં કહેવામાં આવ્યું છે :

**''હવે દુનિયામાં તે ઉત્તમ સમુદાય તમે છો, જેને મનુષ્યોના માર્ગદર્શન અને સુધારણા માટે મેદાનમાં લાવવામાં આવેલ છે. તમે ભલાઈની આજ્ઞા આપો છો, બૂરાઈથી રોકો છો અને અલ્લાહ પર ઈમાન ધરાવો છો.''** (૩ઃ૧૧૦)

ઉમ્મતે મુસ્લિમાનું કાર્ય માત્ર એટલું જ નથી કે તે પોતે વ્યક્તિગત સ્તરે અલ્લાહની પ્રસન્નતા પ્રાપ્ત કરવા તેની ઇબાદતમાં પરોવાયેલ રહે, સાથે સાથે તેની જવાબદારી એ પણ છે કે તે બીજા લોકોને પણ અલ્લાહની બંદગી તરફ પ્રેરિત કરે, એક આદર્શ સમાજના નિર્માણનો પ્રયત્ન કરે અને તેના માટે સાચી વાતો અને ભલાઈની આજ્ઞા આપવી અને બૂરાઈથી રોકવાની અને એવું વાતાવરણ નિર્મિત કરવાની જવાબદારી પણ તેના શિરે છે જેમાં નેકીઓ પર ચાલવું સરળ અને બૂરાઈઓ પર અમલ કરવું મુશ્કેલ થઈ જાય.

આ સિવાય પયગમ્બરોને મોકલવાના જે ઉદ્દેશ્યો કુર્આનમાં વર્ણવવામાં આવ્યા છે તે પણ હવે ઉમ્મતે મુસ્લિમાની જવાબદારીમાં આવે છે કેમકે વ્હાલા નબી સ.અ.વ. અંતિમ પયગંબર હતા અને હવે કોઈ પયગંબર આવવાના નથી અને એટલે હવે તે બધી જવાબદારીઓ જે પયગંબરોને સોંપવામાં આવી હતી અને જે જવાબદારી અંતિમ પયગંબર હઝરત મુહમ્મદ સ.અ.વ.એ નિભાવી બતાવી તે હવે ઉમ્મતે મુસ્લિમાને સંભાળવાની છે. અને આનો આદેશ ખુદ નબી સ.અ.વ.એ ખુત્બએ હજ્જતુલ વિદામાં સમગ્ર મુસ્લિમોને આપ્યો હતો.

અહીયાં કુર્આનની તે આયતો રજૂ કરવામાં આવે છે જેમાં નબીઓને મોકલવાના ઉદ્દેશ્ય પર પ્રકાશ નાખવામાં આવ્યો છેઃ

**''હે ઓઢી-લપેટીને લેટનારા ! ઊઠો અને સચેત કરો ! અને પોતાના રબની મહાનતાની ઘોષણા કરો.''** (૭૪ઃ૧-૩)

**''તે જ તો છે જેણે પોતાના રસૂલને માર્ગદર્શન અને સત્ય દીન (સત્ય-ધર્મ) સાથે મોકલ્યો છે જેથી તેને પૂરેપૂરા દીન (ધર્મ) પર પ્રભુત્વ આપી દે, ચાહે મુશ્રિકો (અનેકેશ્વરવાદીઓ)ને આ કેટલુંય અપ્રિય હોય.''** (૬૧ઃ૯)

**''તેણે તમારા માટે દીન (ધર્મ)ની તે જ પદ્ધતિ નક્કી કરી છે જેનો આદેશ તેણે નૂહને આપ્યો હતો અને જેને (હે મુહમ્મદ !) હવે તમારા તરફ અમે વહી દ્વારા મોકલ્યો છે, અને જેનો આદેશ અમે ઇબ્રાહીમ અને મૂસા અને ઈસાને આપી ચૂક્યા છીએ, એ તાકીદ સાથે કે આ દીન (ધર્મ)ને સ્થાપિત કરો અને તેના મામલામાં વહેંચાઈ ન જાઓ.''** (૪૨ઃ૧૩)

એટલે કહી શકાય કે રબની મહાનતાની ઘોષણા કરી અને રબની મહાનતાની વ્યવસ્થા ઊભી કરવી, ઇસ્લામના આ સત્ય દીનને આખી જીવન વ્યવસ્થા પર પ્રભુત્વ અપાવવું અને પયગમ્બરોની જેમ દીને ઇસ્લામને સ્થાપિત કરવાનું કાર્ય પણ ઉમ્મતે મુસ્લિમાને કરવાનું છે. •••

ડૉ.મુહમ્મદ રિઝવાન

# ધર્મ, સમાજ અને વિજ્ઞાન



**વિ**જ્ઞાન,ધર્મ અને સમાજના ત્રિકોણમાં વિજ્ઞાનથી આગળ વધીને જ્યારે વિજ્ઞાનવાદ (Scientism)એ માનવ-જીવનની અવધારણાની રચના અને સંકલનમાં પોતાની ભૂમિકા નિભાવવાની શરૂઆત કરી તો અંતિમ સત્ય અને જ્ઞાનના સાધન બન્ને ઈન્દ્રિયોના વર્તુળમાં કેદ થઈ ગયા, અને આ રીતે માનવ-ચેતના પ્રકાશના (વહ્ય) અને ઈશ્વરીય જ્ઞાનના અસીમ લાભોથી વંચિત થઈ ગઈ.

આધુનિક માનવ સભ્યતા માટે વિજ્ઞાન અને વિજ્ઞાનવાદની વચ્ચેના અંતરને સારી રીતે સમજી લેવો જરૂરી છે, કેમકે આધુનિક માનવ-સભ્યતા વિજ્ઞાન વિના અધૂરી છે, પરંતુ વિજ્ઞાનવાદ સાથે આ સભ્યતાના સમાપ્ત થઈ જવાની આશંકાઓ છે. વિજ્ઞાનથી આગળ વધીને વિજ્ઞાનવાદે જન-માનસમાં પોતાનું સ્થાન બનાવી લીધું છે, જેની દૂરગામી અસરો હવે જણાવા લાગી છે, અને ભવિષ્યમાં આ અસરો હજી પણ વધુ ગંભીર થતી જશે.

આપણી નજીક નિમ્નલિખિત ચાર ક્ષેત્રોમાં વિજ્ઞાનવાદના સ્પષ્ટ અને નિર્વિવાદ પ્રભાવોને અનુભવી શકાય છે. આ ઉપરાંત પણ ઘણું બધું છે જે વિજ્ઞાનવાદ હેઠળ વર્ણવી શકાય છે, પરંતુ એ એવો મામલો છે કે જેના પર લોકોના વિચાર અલગ અલગ છે.

૧. જ્ઞાન અને તેની પ્રાપ્તિમાં સર્વાધિકારવાદ (Totalitarian-ism) :

જેમકે વર્ણવાઈ ચૂક્યું છે, વિજ્ઞાનવાદ પોતાના મૂળમાં (ચાહે આપણે ગમે તે દષ્ટિકોણથી આનું અવલોકન કરીએ), વાસ્તવમાં ધારણા આ છે કે જ્ઞાનનું એકમાત્ર સાધન વૈજ્ઞાનિક પદ્ધતિ છે. આ ઉપરાંત જેટલા પણ જ્ઞાનના સાધન હોઈ શકે છે એ ક્યાં તો અપ્રચલિત (Obsolete) છે, ક્યાં તો અવાસ્તવિક અને અવિશ્વસનીય છે. અર્થાત્ વિજ્ઞાનવાદ જ્ઞાન અને તેની પ્રાપ્તિમાં એક પ્રકારના સર્વાધિકારવાદનો ધ્વજવાહક છે. આથી જ્ઞાનની પ્રત્યેક વિધિ જે પ્રચલિત ભૌતિક વિજ્ઞાનની કાર્ય-પદ્ધતિઓ (Methodology) ઉપર પૂરી/ખરી નથી ઊતરતી એ વિજ્ઞાનનું સાધન નથી હોઈ શકતી. ઉદાહરણ રૂપે પ્રકાશના(વહ્ય), અંતર્જ્ઞાન, કેટલાક અવલોકનો, સામાજિક વલણોનું ઔચિત્ય, નૈતિક મૂલ્ય અને તેના નિષ્કર્ષોની વિધિ વિગેરે.

વાચકો આ ભ્રમના ભોગ ન બને કે અહીં આ બિંદુ ઉપર ચર્ચા કરવામાં આવી રહી છે કે વિજ્ઞાન અને વિજ્ઞાનવાદ કેવી રીતે એક અધિનાયકવાદી શાસનમાં સમાજની સાથે અંતઃ ક્રિયા કરે છે. [૧] ([૧] Paul R. Joseph Sons In Totalitarian Science And Technology (2005), Second Edition Humanity Books, New York). ના, બલ્કે અહીં આ વાતની ચર્ચા થઈ રહી છે કે પોતાના કેટલાક રૂપોમાં દેખીતી રીતે હાનિરહિત દેખાતા વિજ્ઞાનવાદે જ્ઞાનના દરેક સાધન અને વિધિને ખોટી ઠેરવી અને આ રીતે જ્ઞાન

અને જ્ઞાનના સાધન, જ્ઞાન અને જ્ઞાન-પ્રાપ્તિની વિધિ સૌ એક પ્રકારના વૈજ્ઞાનિક માળખામાં કેદ થઈ ગયા. આ વૈજ્ઞાનિક માળખું કેટલાય પ્રકારની ત્રુટિપૂર્ણ હતું, અને છે. ઉદાહરણ રૂપે અનુમાન કે પરિકલ્પના (Hypothesis) જે ભૌતિક વિજ્ઞાનમાં જ્ઞાન પ્રાપ્તિની પ્રથમ સીડી છે, એ ઓછામાં ઓછી કોણોથી સાપેક્ષિક છે અને આમાં ત્રુટિની આશંકા છે. એ બે કોણ નિમ્નલિખિત છે...

(૧) વૈજ્ઞાનિકની કલ્પનાની ઉડાન કે જે અસાધારણથી સાધારણની ખરાઈ સુધી હોઈ શકે છે.

(૨) એક વૈજ્ઞાનિકની અવલોકન શક્તિ અને સમજ-બૂઝની પોતાની માનવીય સીમાઓ છે.

આવી જ રીતે અનુમાન કે પરિકલ્પના વૈજ્ઞાનિકના સામાજિક-રાજકીય, નૈતિક અને અન્ય સંદર્ભો (Context)માં જન્મ લે છે. અર્થાત્ એ એક વિશેષ સમય અને સ્થાનના માળખામાં બંધ થાય છે અને આ રીતે કોઈ પરિકલ્પના અને તેની સ્થાપનામાં જ અસાધારણ ભિન્નતા હોઈ શકે છે અને હોય છે. વૈજ્ઞાનિકોના હવાલાથી ઉપરોકત બિંદુઓના કારણે પરિકલ્પનામાં દરેક પ્રકારની ખામીઓ ઉત્પન્ન થઈ શકે છે, અને થાય છે. કેટલાક વિજ્ઞાનોમાં બીજો તબક્કો પરીક્ષણનો છે.

પરીક્ષણ સંબંધે પણ કેટલાય કોણોથી સાપેક્ષતા (Relativity) આવે છે અને ખામી સર્જાવાની આશંકા હોય છે. ઉદાહરણ રૂપે..

(૧) પ્રયોગમાં માનકો અને માત્રાઓ પર આધારિત પ્રણાલીનું નિર્માણ અને તેમાં હસ્તક્ષેપ (Intervention).

(૨) શોધનું પરીક્ષણથી અલગ ન હોવું, બલ્કે આ પરીક્ષણનો ભાગ હોવો.

(૩) પરીક્ષણના પરિણામો પર સમય અને વિશેષ વાતાવરણનો પ્રભાવ હોવો. (જો કે આના પર કાબૂ મેળવવા માટે વૈજ્ઞાનિક પ્રયોગોમાં તપાસ અને સંતુલનનો ઉપયોગ કરવામાં આવે છે.

આ ત્રણેય ઉપરાંત, પરીક્ષણ એ સંજોગો અને સંદર્ભોમાં થાય છે જે સ્થાપિત માન્યતાઓના સંજોગો તથા સંદર્ભોથી દૂર થાય છે. દાખલા તરીકે, બિગ બેંગ પછી જમીની પરિસ્થિતિઓ કેવી રહી હશે? પૃથ્વીનું તાપમાન શું રહ્યું હશે? કયા પ્રકારના તત્ત્વો રહ્યા હશે? રાસાયણિક વાતાવરણ કેવું રહ્યું હશે? તમામ ધારણાઓ અત્યધિક સાપેક્ષિક (Relative) થઈ જાય છે, જેના લીધે સાપેક્ષતાની શક્યતા ખૂબ જ વધી જાય છે.

ત્રીજો તબક્કો પરિણામોની પ્રાપ્તિ અને આ પરિણામોના આધારે અનુમાન અને નિષ્કર્ષ કાઢવાનો હોય છે. અહીં પણ ...

(૧) પરિણામોમાં ધારણાઓ મુજબ આના પ્રત્યે સકારાત્મક કે નકારાત્મક વલણ.

(૨) પરિણામોને મૂલ્ય-તટસ્થ (Value Neutral) રાખવા માટે બનાવવામાં આવેલ તપાસ અને સંતુલનમાં ઘૂસપેઠ-પ્રવેશ.

અર્થાત્ ભૌતિક વિજ્ઞાનમાં જ્ઞાન પ્રાપ્તિ માટે જે વિધિ અપનાવવામાં આવે છે, એ વિધિના પ્રત્યેક તબક્કામાં ભૂલોની પ્રબળ શક્યતાઓ મૌજૂદ છે. આથી જ્ઞાનની આ પદ્ધતિને અંતિમ સત્ય માનવી નાદાની છે, પરંતુ આનો અર્થ આ નથી કે આ વિધિ નિરર્થક છે. આનો સીધો અર્થ આ છે કે વિજ્ઞાનવાદ જ્ઞાન પ્રાપ્ત કરવાની જે પદ્ધતિને અંતિમ કસોટી સમજે છે એ પોતે સાપેક્ષિક છે.

ઉપરોક્ત બિંદુઓનો અર્થ આ નથી કે વિજ્ઞાન પૂરી રીતે અચૂક થઈ જાય છે, અથવા વૈજ્ઞાનિક પદ્ધતિ બિલકુલ જ બેકાર છે, જેવું કે કેટલાક ઉગ્ર વિદ્વાનો, વિચારકો તથા સંશોધકોનું માનવું છે. બલ્કે વિજ્ઞાન અને તેના પર આધારિત ટેકિનક બુદ્ધિને આશ્ચર્યચક્તિ કરી દેનારા આના આવિષ્કાર અને બ્રહ્માંડ વિષે આ જ પદ્ધતિનો ઉપયોગ કરીને આમાં છુપાયેલા હજારો રહસ્યો પરથી પડદો ઊંચકવાની આની ક્ષમતા આ વાતનું પ્રમાણ છે કે આ એક અસાધારણ પ્રયાસ (Enterprise) છે.

પરંતુ આમનાથી આ વાત કયાં પુરવાર થાય છે કે વૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રાપ્ત થનારી વાતો જ એકમાત્ર સત્ય છે? અને આનાથી પ્રાપ્ત થનાર જ્ઞાન જ પૂર્ણ જ્ઞાન છે. અને આ કે જ્ઞાનની આ પદ્ધતિથી પ્રાપ્ત થનારી જાણકારી મનુષ્યના માર્ગદર્શન માટે પ્રયાપ્ત છે. વિશેષરૂપે માર્ગદર્શન જે અનુભૂતિઓના વર્તુળથી પર જેવા વિશ્વાસ, નૈતિકતા, વ્યવહાર અને બ્રહ્માંડ વિષે છે.

સંતુલિત રીતે જો વિજ્ઞાનવાદના આ દાવાને જોવામાં આવે તો સમજમાં આવી જાય છે કે જ્ઞાનના અન્ય સાધન અને જ્ઞાન પદ્ધતિઓમાં જે દોષ કે કમીઓ જોવા મળે છે, એક કે બે અપવાદોને છોડીને, વત્તા ઓછા અંશે આ જ વાત વૈજ્ઞાનિક પદ્ધતિ ઉપર પણ લાગુ થાય છે. કોઈ પણ વૈજ્ઞાનિક પદ્ધતિનો આ ગુણ છે કે વૈજ્ઞાનિક પરિકલ્પનાઓને પરીક્ષણની કસોટી પર પારખી શકાય છે. ધાર્મિક માન્યતાઓને પરીક્ષણની કસોટી પર નથી પારખી શકાતી, પરંતુ જે હોય તે તેમને "Reason" તર્ક અને બુદ્ધિના હવાલાથી ચકાસી શકાય છે.

•••

✍ ડૉ. મુહમ્મદ સલીમ પટીવાલા

# વિભિન્ન વૈશ્વિક ધર્મો અને નૈતિક્તાની વિભાવના

(ભાગ - ૧)

માનવીની નૈતિક સમજ એક કુદરતી વસ્તુ છે જેના કારણે તે અમુક ગુણોને પસંદ અને અમુક ગુણોને નાપસંદ કરે છે. નૈતિકતાને સાદી અને સરળ ભાષામાં કહીએ તો માનવતાના મૂલ્યોની સમજણ અને સાચવણી કરવી. સારા ખોટા માટે વિવેક બુદ્ધિ વાપરી નૈતિકતા મુજબનો નિર્ણય કરવો એટલે કે સત્યના માર્ગે ચાલવું.

નૈતિકતા અથવા નીતિ શાસ્ત્ર ધર્મ અને માનવતાનો એક મુખ્ય વિષય છે. ધર્મ જેને કહેવાય છે, તે તો છે જ સંપૂર્ણ નીતિ-શાસ્ત્ર. પણ જુદા જુદા ધર્મો અને સંસ્કૃતિમાં આ વિષે કેટલાક વિરોધાભાસો અને મત મતાંતર પણ જોવા મળે છે. કેટલાક લોકો આને ધર્મ આધારિત નથી માનતા. તે લોકો માત્ર માનવતા અને માનવતા જ નહીં સમસ્ત પ્રાણીઓની પ્રાણીજન્ય વૃતિ અને તેની ઉપયોગિતાના આધારે જ નૈતિક મૂલ્યોની વ્યાખ્યા કરે છે. આજના postmodernismનાં યુગમાં હવે તો નૈતિકતાની કોઈ વ્યાખ્યા જ બાકી નથી રહી. આ લેખમાં વિભિન્ન ધર્મો અને સંસ્કૃતિઓમાં નૈતિકતાની વિભાવના પર ચર્ચા કરવામાં આવશે.

અરબી ભાષામાં નૈતિકતા અર્થાત્ 'અખ્લાક' અરબીના ત્રણ અક્ષરો 'ખ' 'લ' અને 'ક' થી બનેલ છે. તે પુરુષવાચી અરબી સંજ્ઞા અને 'ખલક'નું બહુવચન છે. તેનો શાબ્દિક અર્થ શારીરિક લક્ષણ, સ્વભાવ, પ્રકૃતિ અને આદત છે.

ઈમામ ગઝાલી રહ.'અખ્લાક' વિષે લખે છે કે વૈચારિક શક્તિ, વાસના શક્તિ અને ક્રોધની શક્તિનું સંયમન અને નિયમન સાચી નૈતિકતા છે.''

એક બીજી જગ્યાએ ઈમામ ગઝાલી કહે છેઃ '''ખલ્ક' તે મનોસ્થિતિનું નામ છે જેના દ્વારા કોઈ પણ કાર્ય કોઈ પણ જાતના આડંબર અને ચેષ્ટા વિના સહજ રીતે થવા પામે છે. જો તે કાર્ય બુદ્ધિ યુક્ત અને ધાર્મિક રીતે સારા અને વૈદ્ય હોય તો સદ્ચરિત્ર્ય અને જો બુદ્ધિ વિરુદ્ધ અને ધાર્મિક રીતે અવૈધ હોય તો દુષ્ચરિત્ર્ય કહેવાય.''

જો કે, એ નક્કી છે કે વિવિધ સંસ્કૃતિઓ, ધર્મો અને જીવનશૈલીમાં નૈતિક આદેશોને સાચા, ખોટા, સારા અને ખરાબ જેવા ખ્યાલોમાં વિભાજિત કરીને, તેનો વ્યાપ સમગ્ર માનવ જીવન અને સમાજ સુધી વિસ્તારવામાં આવ્યો છે. આ જ કારણ છે કે એક જ વ્યાખ્યા અને સમજૂતી પર સહમત થવું મુશ્કેલ છે. એનસાયક્લોપીડિયા બ્રિટાનિકામાં નૈતિકતા અર્થાત્ ethics વિષે કહેવામાં આવ્યું છેઃ

"Ethics (From greak ethos,"Character,) is the systematic study of the nature of value concepts, "good", "bad", "ought", "right", "wrong" e.t.c and of the general principles which justify us in applying them to anythings; also called "Mroal Philosophy (From Latin mroes, "Custom")

ગુજરાતી વિશ્વકોષ પ્રમાણેઃ ''વ્યક્તિના આચારવિચાર તેના જૂથના નીતિ-નિયમોને અનુરૂપ બને તેને નૈતિકતા કહેવાય છે. વ્યક્તિ જૂથના દબાણને વશ થઈ ( ઘણી વાર પોતાની ઈચ્છા વિરુદ્ધ) જૂથના ધોરણોને અનુસરે તે બાહ્ય નૈતિકતા કહેવાય , જ્યારે તે રાજી ખુશીથી નૈતિક આચાર વિચાર અપનાવે ત્યારે તેને સાચી આંતરિક નૈતિકતા કહેવાય.''

ઉપરોક્ત શાબ્દિક પરીભાષાઓના પ્રકાશમાં, સમજાય છે કે 'નૈતિકતા' એ સિદ્ધાંતોનો ઉલ્લેખ કરે છે જે આપણને સારા અને ખરાબને ઓળખવામાં મદદ કરે છે, અને સ્વભાવગત વલણ, ટેવો અને આદતોના પ્રદર્શન જ નીતિશાસ્ત્રનો વિષય કહી શકાય. નીતિ શાસ્ત્ર માનવીય વર્તણૂક અને વલણોનું વિશ્લેષણ કરે છે અને તેમાં શું હોવું જોઈએ? કેવું હોવું જોઈએ? શા માટે હોવું જોઈએ? તેવા પ્રશ્નોના જવાબો મેળવવામાં આવે છે. હકીકત એ છે કે નૈતિક આદેશો એક તરફ વ્યક્તિગત અને સામૂહિક વર્તણૂકને સામાજિક સંસ્થાઓને આધીન રાખે છે

અને બીજી તરફ, ધાર્મિક શિક્ષણના પ્રકાશમાં, તેઓ માનવ ચરિત્ર અને તેની ક્રિયાને દિશા આપે છે, જે તેને જીવનના આનંદ તરફ દોરી જાય છે.

વિશ્વના વિવિધ ધર્મો અને સંસ્કૃતિઓમાં નૈતિક દર્શનના જુદા જુદા અર્થઘટન કરવામાં આવ્યા છે, પરંતુ એક બાબત જે ખાસ ધ્યાન આપવાની જરૂર છે તે એ છે કે મૂળભૂત માનવીય વલણ, વૃત્તિઓ અને ચારિત્ર્યમાં મૂળભૂત અને સાર્વત્રિક સત્ય લગભગ દરેક ધર્મમાં સમાન મહત્ત્વ ધરાવે છે. જો કે દરેક ધર્મમાં સૃષ્ટિની ઉત્પત્તિ અને ધર્મના વિકાસ અંગે પણ જુદા જુદા અર્થ ઘટન જોવા મળે છે. સાથે સાથે સારા-નરસાની જુદી જુદી વ્યાખ્યા પણ જોવા મળે છે.

**બિન-સેમિટિક અથવા આર્યન ધર્મો અને નીતિ શાસ્ત્ર**

હિંદુ ધર્મ, જૈન ધર્મ, પારસી ધર્મ અને શીખ ધર્મ બિન-સેમિટિક ધર્મો છે કારણ કે તેઓ ઈશ્વરીય નથી, પરંતુ તેઓ એક ચોક્કસ ભૂમિ, વ્યક્તિ, ઉદ્દેશ્ય, પરિસ્થિતિ અને જાતિ સાથે સંબંધિત છે, સૌ પ્રથમ, હિંદુ ધર્મના નીતિશાસ્ત્ર અને ધર્મદર્શનની વાત કરીશું.

**હિંદુ ધર્મ અને નીતિ શાસ્ત્ર**

પુનર્જન્મ, કર્મ, અદ્વૈતવાદ (સર્વેશ્વરવાદ) અને જાતિવાદ એ ચાર સ્તંભો છે જેના પર હિંદુ ધર્મનો આધાર છે. લોકપ્રિય અર્થમાં હિંદુ ધર્મ કોઈ ધર્મને બદલે કેટલાક માનવ-વિચારોનો એક સમૂહ છે. હિંદુ ધર્મ વેદ પર આધારિત છે અને તેઓ પ્રાચીન આર્ય લોકોમાંથી ઉદ્‌ભવેલ છે, જે સમયાંતરે વિકૃત થતું રહ્યું. વેદ શબ્દનું મૂળ 'વિદ' છે જેનો અર્થ છે જાણવું, વિચારવું, ચિંતન કરવું અને મેળવવું. વેદ શબ્દનો ઉપયોગ જાણીતા પુસ્તકો માટે થતો નથી, પરંતુ તે સાહિત્ય છે જે હિંદુઓએ વિવિધ વિજ્ઞાન અને રિવાજોને લગતા બે હજાર વર્ષોના સમયગાળામાં એકત્રિત થયું છે. તેના ચાર પ્રકાર છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વેદ. વેદ પછી સૌથી મહત્તવપૂર્ણ ગ્રંથો ઉપનિષદ છે. હિંદુ ધર્મમાં આ બે ધાર્મિક સ્ત્રોતોનું વિશેષ મહત્ત્વ છે. ઉપનિષદનો મુખ્ય ઉદ્દેશ્ય માયામાંથી મુક્તિ છે. ઈશ્વર એ માત્ર સંપૂર્ણ શક્તિ અને વિવેક જ નથી પરંતુ સંપૂર્ણ આધ્યાત્મિક આનંદ અને તમામ ભલાઈનો સાર પણ છે.

મહર્ષિ મનુના નિયમ મુજબ, દસ સૌથી મોટા ગુણો આ પ્રમાણે છેઃ સંતોષ, સત્ય, સન્યાસ, ઇંદ્રિય દમન, અન્યની સંપત્તિ માટે આદર, બુદ્ધિ, પરમાત્માનું જ્ઞાન, ક્રોધથી દૂર રહેવું, ક્ષમા અને બૂરાઈના બદલે ભલાઈ. જો આપણે આ ગુણોને ધ્યાનમાં લઈએ, તો હિંદુ ધર્મના નૈતિક દર્શન અને ઇસ્લામિક નૈતિક પરંપરાઓના કેટલાક પાસાઓ એકસરખા છે, એમ કહી શકાય કે પ્રાંભમાં હિંદુ ધર્મનો ઉદ્દેશ્ય માનવની વ્યક્તિગત ભલાઈ હતી પરંતુ સમયાંતરે તે વ્યક્તિગત મુક્તિમાં પલટાઈ ગઈ. સમય વીતવાની સાથે હિંદુ મતના સામાજિક માળખામાં ઘણા પરિવર્તનો થયા અને એક નવી વ્યવસ્થા અસ્તિત્વમાં આવી અને તેણે પણ ધર્મનું રૂપ ધારણ કરી લીધું. આ વાસ્તવિક્તા છે કે વેદોમાં અનૈતિક દશ્યો પણ નોંધાયેલા છે. તેવી જ રીતે હિંદુમતમાં જાત-પાત અને વર્ણાશ્રમના નામે જાતિવાદનો ઘૃણિત અને અપ્રાકૃતિક વિચાર પણ જોવા મળે છે. Encyclopedia Of Ethics and Religion માં આ પ્રમાણે કહેવામાં આવ્યું છેઃ

"Hindu Ethics is deeply tinged with the belief in transmigration ro rebirth accroding to the doctrine



of Karma (action), under which every act, whether good ro bad, finds it reward, not only in heavn or hell, but in innumerable other ladies, from a god to an insect, ro plant, ro even a stone."

"હિંદુ નીતિશાસ્ત્ર કર્મ (ક્રિયા)ના સિદ્ધાંત અનુસાર આવાગમન અથવા પુનર્જન્મની માન્યતા સાથે ઊંડાણપૂર્વક જોડાયેલું છે, જે હેઠળ દરેક કાર્ય, પછી ભલે તે સારૂં હોય કે ખરાબ, તે માત્ર સ્વર્ગ કે નર્કમાં જ નહીં, પરંતુ અસંખ્ય અન્ય યોનિઓમાં પણ પ્રવેશ કરે છે. ભગવાનથી જંતુ, અથવા છોડ અથવા તો પથ્થર સુધીમાં."

આધુનિક હિંદુ ચળવળોમાં ઘણા વિરોધાભાસ છે. તેમાં બ્રહ્મ સમાજ, ભક્તિ અને ગીતા ચળવળો અને આર્ય સમાજ નોંધપાત્ર છે. આર્ય સમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતી (૧૮૨૪-૧૮૮૩)એ ક્રાંતિકારી પગલું ભર્યું અને મૂર્તિ પૂજાને નકારી કાઢી. સ્વામીજીએ હિંદુઓના બધા જ ધર્મગ્રંથોને નકારી કાઢ્યા અને ચાર વેદોના પ્રચલિત અનુવાદોની આકરી ટીકા કરી. તેમણે જાતિ પ્રથાને તોડીને બધા માટે જ્ઞાનના દરવાજા ખોલ્યા. તેમની નૈતિક પ્રણાલીના કેટલાક મુખ્ય લક્ષણો નીચે મુજબ છેઃ

૧. ભગવાન દરેક વસ્તુના માલિક છે.

૨. સાચા જ્ઞાનનો સ્ત્રોત ખુદ ભગવાન છે.

૩. ભગવાન દયાળુ, સાચો, ન્યાયી, શાશ્વત, અંતર્યામી, ઉપસ્થિત અને અમર છે, તેથી તેની પૂજા કરવી માન્ય છે.

૪. જ્ઞાનના સાચા પુસ્તકો વેદ છે. વેદ વાંચવા અને શીખવવા એ આર્ય સમાજનું કર્તવ્ય છે.

૫. અસત્યની નિંદા કરવી જોઈએ અને સત્ય કહેવા માટે પ્રોત્સાહિત કરવું જોઈએ.

૬. દરેક કાર્યમાં સારા ને નરસાનું ધ્યાન રાખવું જોઈએ.

૭. દરેક સંજોગોમાં લોકોનું ભલું કરવું એ આર્ય સમાજનું મુખ્ય ધ્યેય છે.

૮. માણસની આધ્યાત્મિક, નૈતિક અને સામાજિક સ્થિતિ સુધારવાની તાતી જરૂરિયાત છે.

૯. દરેક વ્યક્તિના ગુણોનું મૂલ્ય હોવું જોઈએ.

૧૦. દરેક સાથે ન્યાય થવો જોઈએ

૧૧. દરેક વ્યક્તિ સાથે પ્રેમથી વર્તવું જોઈએ.

૧૨. જ્ઞાન ફેલાવીને અજ્ઞાન પર વિજય મેળવવો જોઈએ.

૧૩. અન્ય લોકોએ તેમની સમૃદ્ધિમાં ભાગ લેવો જોઈએ.

૧૪. વ્યક્તિએ વ્યક્તિગત ભલાઈથી સંતુષ્ટ ન થવું જોઈએ પરંતુ સામાજિક કલ્યાણમાં ભાગ લેવો જોઈએ.

આ સાથે આર્ય સમાજ નિયોગ અને વર્ણ વ્યવસ્થા જેવી કુરીતિઓને પણ અનુમોદન આપે છે.

**જૈન ધર્મ અને તેનું નીતિશાસ્ત્ર**

બ્રાહ્મણવાદની ફિલસૂફી અને વિચાર વિરુદ્ધ બળવાખોર વિચારોને કારણે બૌદ્ધ અને જૈન ધર્મનો ઉદ્‌ભવ થયો. જૈન ધર્મ બૌદ્ધ વિચાર સાથે ખૂબ સમાનતા ધરાવે છે. જો કે આ ધર્મના સ્થાપક મહાવીર હતા. પરંતુ આ ધર્મના અનુયાયીઓ પોતે દાવો કરે છે કે મહાવીર પહેલાં, લગભગ ૨૩ તીર્થંકરો જુદા જુદા સમયે અવતરિત થયા હતા.

જૈન ધર્મની માન્યતા મુજબ, જૈન ધર્મ એ એક સનાતન ધર્મ છે તેના મત પ્રમાણે વિશ્વનો કોઈ આરંભ કે અંત નથી, તેથી જૈન ધર્મ હંમેશાં રહ્યો છે અને રહેશે. જૈન ધર્મના મૂળભૂત સિદ્ધાંતો સાત ચાવીઓના સ્વરૂપમાં છે, જેને જૈન ધર્મમાં સાત તત્વ અથવા સાત તથ્યો કહેવામાં આવે છે.

૧. આત્મા (જીવ) એક વાસ્તવિકતા છે.

૨. બિન-આત્મા (અજીવ) પણ એક વાસ્તવિકતા છે, જેનો એક પ્રકાર પદાર્થ છે.

૩. આસ્રવ - આત્મા સાથે પદાર્થના મિશ્રણને પરિણામે, આત્મા પદાર્થનો કેદી બની જાય છે.

૪. બંધ — આત્મા સાથે પદાર્થનું મિશ્રણ અટકાવી શકાય છે.

૫. સંવર - આત્મામાં પહેલાંથી જ રહેલા પદાર્થને દૂર કરી શકાય છે.

૬. નિર્જરા - આત્મામાં રહેલા પદાર્થનું ક્ષય થઈ જવું.

૭. મોક્ષ - પદાર્થમાંથી આત્માના સંપૂર્ણ અલગ થયા પછી મોક્ષ પ્રાપ્ત થાય છે.

જૈન ધર્મમાં મોક્ષની પદ્ધતિને નિર્વાણ કહેવામાં આવે છે. મહાવીર દ્વારા નિર્વાણ પ્રાપ્ત કરવાની બે પદ્ધતિઓ નીચે મુજબ છે.

નિર્વાણ પ્રાપ્ત કરવાનો નકારાત્મક માર્ગ એ છે કે વ્યક્તિએ તેના હૃદયમાંથી તમામ પ્રકારની ઇચ્છાઓ અને આકાંક્ષાઓને દૂર કરવી જોઈએ. સકારાત્મક માર્ગ એ છે કે વ્યક્તિની માન્યતાઓ, જ્ઞાન અને ક્રિયાઓ સાચી હોય. જૈન ધર્મમાં કોઈ સ્વર્ગ નથી, નર્ક નથી. દરેક વ્યક્તિ પોતાના કાર્યો માટે જવાબદાર છે. જીવન ક્રિયાઓનું પરિણામ છે. સૌથી ખરાબ પાપ બીજાને દુઃખ આપવું કે મારી નાખવું એટલે કે હિંસા અને શ્રેષ્ઠ પુણ્ય અહિંસા છે.

જૈન ધર્મનું સમગ્ર તત્વજ્ઞાન આત્મસંસ્કાર, ઈચ્છાઓનો ત્યાગ અને

સન્યાસ પર આધારિત છે. આ વસ્તુઓ માટે મંદિરની જરૂર નથી.

Encyclopedia Of Ethics and Religionમાં આ પ્રમાણે કહેવામાં આવ્યું છે.

"In his four other oaths the Jaina Monk pionires like The Brahman and Buddhist and almost in the same wrods, not to speak untruth, to appropriate mothing to himself without permission, to preserve chasity and to pratctise self sacrifice."

''તેમના અન્ય ચાર શપથમાં જૈન સાધુ બ્રાહ્મણ અને બૌદ્ધ જેવી જ અને લગભગ સમાન શબ્દોમાં વાત કહે છે : અસત્ય ન બોલવું, પવિત્રતા જાળવવી અને ત્યાગ કરવું.''

**શીખ ધર્મ**

શીખ ધર્મ એ વિશ્વના નવા ધર્મોમાંનો એક છે. વાસ્તવમાં, શીખ ધર્મ મૂળભૂત રીતે તમામ ધર્મોને શાશ્વત સત્ય માને છે. બાબા ગુરુ નાનકે ઇસ્લામ અને હિંદુ ધર્મ વચ્ચે જોડાણ કરીને એક બિંદુ બનાવવાનો પ્રયાસ કર્યો. બાબા નાનક માટે, ભગવાનનું સૌથી મહત્ત્વપૂર્ણ નામ ''સત'' છે જેનો અર્થ સંપૂર્ણ સત્ય છે.

શીખ ધર્મની નૈતિકતા પર પ્રકાશ નાખતાં અમૂલ્ય રંજન મહાપાત્રા લખે છેઃ ''સંતોષ, ભગવાનનું માર્ગદર્શન, માનવ ભાઈચારો, સ્વ-શુદ્ધિ, જીવંત વસ્તુઓ માટે કરુણા, શરીર અને મનની શુદ્ધતા, આધ્યાત્મિકતાની શોધ, સ્ત્રી-પુરુષ વચ્ચે સમાનતા, અન્યોની સેવા, ખોરાક, પીવા અને પહેરવેશમાં વિચારની સ્વતંત્રતા જેવો સંદેશ શીખ ધર્મને સાર્વત્રિક ધર્મ બનાવે છે. તે ભક્તિ અને ભગવાનની ઇચ્છાને આધીન રહેવાનો ધર્મ છે'' (ફલ્સફએ મઝાહિબ)

**બૌદ્ધ ધર્મ અને નીતિ શાસ્ત્ર**

બૌદ્ધ ધર્મના સ્થાપક સિદ્ધાર્થ એક રાજકુમાર હતા અને આધ્યાત્મિક સંઘર્ષથી પીડિત હતા, તેમણે ગાદીનો ત્યાગ કર્યો. બૌદ્ધ ધર્મમાં ભગવાનનો ખ્યાલ નથી, તેથી તે એક દાર્શનિક ધર્મ છે. તેમાં આ જન્મના ચક્રમાંથી મુક્તિ મેળવવાનો એકમાત્ર રસ્તો કર્મ (સારા કાર્યો) છે. બૌદ્ધ ધર્મના પોતાના વિચારોના પ્રકાશમાં એવું કહી શકાય કે બુદ્ધનો ધર્મ નૈતિકતા અને આત્મનિર્ભરતા પર આધારિત છે. તેમણે હંમેશાં આધ્યાત્મિક બાબતોને ટાળવાનો પ્રયાસ કર્યો. બૌદ્ધ નીતિશાસ્ત્રમાં ચાર બાબતો ખૂબ જ મહત્ત્વપૂર્ણ છેઃ

૧. દુઃખ
૨. દુઃખનું મૂળ
૩. દુઃખનો અંત
૪. દુઃખના અંત માટેનો માર્ગ

આ રીતે, ગૌતમ બુદ્ધે તાર્કિક ધર્મ, વ્યવહારિક નૈતિકતા અને જીવનના સરળ સિદ્ધાંતો પર વધુ ભાર મૂક્યો છે, અને તેમનો દૃષ્ટિકોણ નિરાશાવાદી છે. આમાં નિર્વાણનો એક જ રસ્તો સંસારનો ત્યાગ છે.

બૌદ્ધ ધર્મના આઠ નૈતિક સિદ્ધાંતો છે.

૧.શુદ્ધ આસ્થા,
૨.શુદ્ધ આશય,
૩.શુદ્ધ વાણી,
૪.શુદ્ધ ગતિ,
૫.શુદ્ધ નિર્વાહ,
૬.શુદ્ધ સંઘર્ષ,
૭.શુદ્ધ વિચાર,
૮.શુદ્ધ કલ્પના.

બૌદ્ધ ધર્મના આ આઠ સિદ્ધાંતોને પ્રાપ્ત કરવા માટે નીચેના આઠ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે.

- પ્રાણીઓ પર અત્યાચાર ન કરવો,
- ચોરી ન કરવી,
- જૂઠ ન બોલવું,
- અપશબ્દો ન બોલવા,
- સ્વાર્થથી દૂર રહેવું,
- વ્યભિચાર ન કરવો,
- દ્વેષથી દૂર રહેવું,
- હૃદયને અજ્ઞાનથી શુદ્ધ કરવું અને તેને
- જ્ઞાનના રત્નથી શણગારવું.

(વધુ આવતા અંકે..)


**Eye Guard Opticals**

Irfan Saiyad

Mo. : 98252 84358





We make spectacles as per Dr. Prescription.
Fitting of spectacles will be done on Japan Automatic Machine

S-B-3, Sunrise Point,
Hanuman Gali, Opp.
Kumar Sala No. 1,
Raopura, Vadodara

✍ સલમાન એહમદ

# ગરીબ દેશના ખર્ચાળ લગ્ન અને આપણું કથાનક




**થો**ડા મહિનાઓ પહેલાં મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણીના લગ્ન વિરેન મર્ચન્ટની પુત્રી રાધિકા મર્ચન્ટ સાથે થયા હતા. લગ્ન પછીની ઉજવણી હજુ પણ ચાલી રહી છે. આ લગ્ન સમારોહમાં વિશ્વભરની હજારો હસ્તીઓએ ભાગ લીધો હતો. 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ના અહેવાલ મુજબ આ સમારોહમાં લગભગ ૫૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. મીડિયા અને સોશિયલ મીડિયામાં ઘણા સમયથી આ ઘટનાઓની ચર્ચા થઈ રહી છે. વ્યક્તિ અથવા કુટુંબના વ્યક્તિગત સુખ, ઈચ્છાઓ અને બાબતોને ધ્યાનમાં ન લઈએ તો પણ આ પ્રકારની ઘટનાઓ સામૂહિક સામાજિક મનોવિજ્ઞાન, સામાજિક અપેક્ષાઓ અને ધોરણો અને વલણો પર ઊંડી અસર કરે છે. આવા સંજોગોમાં આ બાબતે લોકોને યોગ્ય અને સંતુલિત માર્ગદર્શન આપવામાં આવે અને ધન અને શક્તિના પ્રદર્શન અને અપવ્યય પર આધારિત આવી ઘટનાઓની અનિષ્ટ અસરોથી સમાજને બચાવવા માટે વિશેષ પ્રયાસો કરવામાં આવે તે અત્યંત આવશ્યક બની જાય છે.

આ સંદર્ભમાં, નીચે કેટલીક મહત્ત્વપૂર્ણ ભલામણો રજૂ કરવામાં આવી રહી છે. આશા છે કે આ મુદ્દાઓને જાહેર ચર્ચાનો વિષય બનાવીને, ઈસ્લામ દ્વારા રજૂ કરાયેલ સાદગીપૂર્વકના લગ્નના સરળ ખ્યાલની તરફેણમાં લોકોનો સકારાત્મક અભિપ્રાય બનાવવાના પ્રયાસોમાં સંપૂર્ણ સહયોગ મળશે.

૧. લગ્ન વધુ ને વધુ મુશ્કેલ બનતા આપણા દેશમાં ખર્ચાળ લગ્નનું એક સામાજિક દૂષણ વ્યાપી ગયું છે. દેશમાં ગરીબી, બેરોજગારી, સામાજિક-આર્થિક અસમાનતાની સ્થિતિ ખૂબ જ ચિંતાજનક છે. આવી સ્થિતિમાં દહેજ, લગ્ન-ઉજવણીમાં બિનજરૂરી ઉડાઉપણું , છોકરા-છોકરીઓ તરફથી વિવિધ બાબતો અંગે અવાસ્તવિક અપેક્ષાઓ વગેરેને કારણે મામલો વધુ બગડી રહ્યો છે. પ્રગતિ ગ્રામ ઉદ્યોગ અને સમાજ કલ્યાણ સંસ્થાન (PGS)ના સંશોધન મુજબ, દેશમાં લગભગ ૬૦% પરિવારો લગ્ન માટે લોન લે છે. ઈન્ડિયા લેન્ડ્સ અનુસાર સામાન્ય લોકો દ્વારા લેવામાં આવેલી લોનની યાદીમાં લગ્નની લોન ટોચ પર છે. આ લોન પરનો વ્યાજ દર ૧૦.૫% થી લઈને ૩૭% સુધીનો છે. વ્યાજખોરો પાસેથી લીધેલ લોન કેવી રીતે જીવન બરબાદ કરી રહી છે તેની એક ઝલક 'ઈન્દુમતી'નાં જીવનમાંથી મળી શકે છે. 'ડેક્કન ક્રોનિકલ' અનુસાર, ૨૦૧૬ માં, તમિલનાડુમાં ૫૮ વર્ષીય ખેડૂત, 'મિથુ'એ તેની પત્ની, પુત્ર અને પુત્રી સાથે માત્ર એટલા માટે

આત્મહત્યા કરી હતી, કારણ કે તેને લગ્ન માટે લોન ન મળી શકી. આ અકસ્માતની વિગતો ખૂબ જ દર્દનાક છે, તપાસ મુજબ પહેલાં દીકરી ઈન્દુમતિએ 'મારા કારણે આ આર્થિક સમસ્યા ઊભી થઈ છે' તેમ કહીને આપઘાત કર્યો હતો, દીકરી અને બહેનના આ દર્દનાક મોતથી માતા-પિતા અને ભાઈને પણ અસર થઈ હતી અને આખું કુટુંબ વિખેરાઈ ગયું.

૨. નકામા ખર્ચાવાળા અમીરોના લગ્ન ગરીબો માટે આપત્તિ છેઃ ઘણા લોકો આ વાતને સમજે છે અને કહે છે કે જો કોઈ શ્રીમંત અને પૈસાદાર વ્યક્તિ પોતાની સાધનસામગ્રી અનુસાર લગ્ન સમારોહનું ખૂબ જ ધામધૂમથી આયોજન કરે છે તો તેમાં ખોટું શું છે? છેવટે, તે પોતાની સંપત્તિનો ખર્ચ કરે છે, અન્ય કોઈને અતિશય ખર્ચ કરવા માટે દબાણ કરતું નથી, એવું કહેવાય છે કે સમાજના પ્રભાવશાળી લોકોનું વર્તન સામાજિક વલણ અને ધોરણોની રચનામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. જ્યારે શ્રીમંત લોકો તેમના લગ્નની બાબતોને ચોક્કસ રીતે આયોજન કરવાનું શરૂ કરે છે, ત્યારે તે સમાજના અન્ય સભ્યો પર ધનિકોના ધોરણો અનુસાર તેમને અનુસરવાનું દબાણ કરે છે, અને આ દબાણ ઘણીવાર એટલું તીવ્ર હોય છે કે સૌથી મજબૂત વ્યક્તિ પણ આ દબાણથી પોતાને મુક્ત કરી શકતી નથી. આ લગ્નો પર સરેરાશ ૧૨.૫ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે. ધ ન્યૂઝ મિનિટના હેડ ઑફ એડિટોરિયલ રિપોર્ટિંગ, પૂજા પ્રસન્નાના જણાવ્યા અનુસાર, દેશમાં લોકો લગ્નો પર શિક્ષણ કરતાં બમણો ખર્ચ કરે છે. દેશમાં સૌથી મોંઘા લગ્ન કેરળ અને દિલ્હીમાં થાય છે.

વાસ્તવિક જીવનના ઉદાહરણ સાથે સામાજિક દબાણ કેવી રીતે કાર્ય કરે છે તે સમજો. જો કે મુકેશ અંબાણીએ તેમના પુત્રના લગ્નમાં હજારો કરોડો રૂપિયા ખર્ચ્યા હતા, તે તેમની કુલ સંપત્તિના ૧% કરતા પણ ઓછા છે, તેથી આ ઉડાઉ તેમના આર્થિક સ્વાસ્થ્ય પર વધુ અસર કરશે નહીં, પરંતુ જ્યારે આ પ્રકારની સંપત્તિનું પ્રદર્શન દેખાડે તેવા લગ્નો સામાન્ય બની જાય તો જેમની પાસે થોડી સંપત્તિ છે તેઓને પણ પોતાના અને તેમના પરિવારના લગ્નો પાછળ વધુ ખર્ચ કરવાની ફરજ પડશે. ફ્રાન્સિસ બુલોક, સોનાલ્દે દેસાઈ અને વિજેન્દ્ર રાવે કર્ણાટકમાં ૮૦૦ ગરીબ પરિવારોનો સંશોધન સર્વેક્ષણ હાથ ધર્યો હતો. સર્વેક્ષણના પરિણામો ખૂબ જ ચોંકાવનારા અને દર્દનાક છે, સર્વેક્ષણ મુજબ, કર્ણાટકમાં આ પરિવારો તેમની વાર્ષિક આવક કરતાં લગભગ ૬ ગણો વધુ ખર્ચ લગ્ન પર કરે છે અને આ ખર્ચ મુખ્યત્વે તેમની સારી સામાજિક સ્થિતિને સાબિત કરવા અથવા તેને જાળવી રાખવા માટે કરવામાં આવે છે. તેમનો સંપન્ન અને સભ્રાંત હોવાનો ભ્રમ તેમને આવા દેખાડા માટે પ્રેરે છે. હવે, થોભો અને આ સંખ્યા વિશે વિચારો. શ્રીમંત વ્યક્તિનો અતિરેક તેના આર્થિક સ્વાસ્થ્યને અસર નથી કરતો, પરંતુ તે પોતાના કાર્યો દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગ પર જે સામાજિક દબાણ ઊભું કરી રહ્યો છે તે તેમને ગરીબીની દલદલમાં ધકેલી રહ્યું છે. પ્રોફેસર પી. સાઇનાથના જણાવ્યા અનુસાર, મહારાષ્ટ્રના ૬ જિલ્લાઓમાં માત્ર એક વર્ષમાં, સત્તાવાર આંકડા અનુસાર, ૩ લાખથી વધુ પરિવારોને ઓળખવામાં આવ્યા છે જ્યાં છોકરીઓના લગ્ન નથી થઈ રહ્યા. આ માત્ર ૬ જિલ્લાનો મામલો છે અને કુલ સંખ્યા દેશમાં જિલ્લાઓની સંખ્યા ૭૮૮ છે. આના પરથી તમે કલ્પના કરી શકો છો કે આ સમસ્યા કેટલી ગંભીર બની ગઈ છે. આ સમસ્યાની ગંભીરતાને સમજવા માટે આ પ્રકારના ડેટાની જરૂર નથી. જો આપણે આપણી આસપાસના લોકોના જીવન પર નજર કરીએ, તો આપણે ડઝનેક દાખલાઓ આપણી આસપાસના પરિવારોમાં સરળતાથી જોઈ શકીએ છીએ કે જેઓ આ સમસ્યાઓ સાથે સંઘર્ષ કરી રહ્યા છે.

૩. સરળ લગ્નની સકારાત્મક કહાનીઓ પણ છેઃ સરળ લગ્નને લઈને અમારી વચ્ચે ઘણાં દૃષ્ટાંત છે. આપણે ઉડાઉ લગ્નોની જાહેર ટીકા કરતાં હકારાત્મક ઉદાહરણો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયાસ કરવો જોઈએ. આ સમયે, અમે સરળ લગ્નની તરફેણમાં લોકોના અભિપ્રાયને તાલીમ આપવા અને સુગમ બનાવવા અંગે કેટલાક સકારાત્મક ઉદાહરણો તમારી સમક્ષ રજૂ કરી રહ્યા છીએ.

હઝરત અબ્દુલ રહેમાન બિન ઔફ રદિ. તેમના સમયના સૌથી ધનિક લોકોમાંના એક હતા. તેઓ એક સફળ ઉદ્યોગપતિ હતા. એક સંશોધન મુજબ તેમની કુલ સંપત્તિ લગભગ ૭ બિલિયન ડૉલર હતી પરંતુ જ્યારે તેમણે મદીનામાં અન્સારની એક મહિલા સાથે લગ્ન કર્યા ત્યારે લગ્નની સરળતા અને સાદગીની નિશાની એ હતી કે તેમણે આ લગ્નની જાણ અલ્લાહના પયગંબર સ.અ.વ.ને પણ કરી ન હતી. ન તો તેઓએ ઘણા લોકોને આમંત્રણ આપ્યું હતું. આ ઘટનાનું એક અનોખું પાસું એ છે કે અબ્દુલ-રહેમાન બિન ઔફ રદિ.એ જાણ કર્યા વિના લગ્ન કર્યા ત્યારે કોઈ એક વ્યક્તિએ પણ આશ્ચર્ય અથવા અણગમો વ્યક્ત કર્યો ન હતો. સહીહ બુખારીમાં આ લગ્નની વિગતો નીચે મુજબ નોંધવામાં આવી છે. અનસ બિન મલિક રદિ. વર્ણન કરે છે કે અબ્દુલ-રહેમાન બિન ઔફ રદિ.

અલ્લાહના પયગંબર સ.અ.વ.ની સેવામાં આવ્યા અને તેમની પાસે નિકાહ સૂત્રના ચિહ્નો હતા (પીળું અત્તર). અલ્લાહના પયગંબર સ.અ.વ.એ તેમને (આ ચિહ્નો વિશે) પૂછ્યું. અબ્દુલ રહેમાન બિન ઔફ રદિ.એ કહ્યું કે મેં અન્સારની એક મહિલા સાથે લગ્ન કર્યા છે. પયગમ્બર સ.અ.વ.એ પૂછ્યું કે તમે તેને કેટલી મહેર આપી? તેઓએ કહ્યું કે મેં પામ સ્ટોન જેટલું સોનું ચૂકવ્યું. અલ્લાહના પયગંબર સ.અ.વ.એ તેમને કહ્યું, "લગ્નની મિજબાની કરો ભલે તે (માત્ર) એક બકરી હોય." (અનુવાદ)

આ કેટલી સુંદર વાત છે કે જ્યારે લોકો અનંત અંબાણી અને તેના જેવા લગ્નોને એક મોડેલ તરીકે જોઈ રહ્યા હોય, તેની ચર્ચાઓ થતી હોય ત્યારે હઝરત અબ્દુલ રહેમાન બિન ઔફ રદિ.ના લગ્નની પદ્ધતિને ચર્ચાનો વિષય અને કેન્દ્ર બનાવવામાં આવે. જ્યારે અનંત અંબાણીના લગ્નમાં સામેલ થયેલા દુનિયાભરના મોટા નામો વિશે લોકો વાત કરી રહ્યા હોય ત્યારે આપણે તેમને જણાવીએ કે એક સહાબીએ પોતાના પ્રિય અતિ પ્રિય પયગંબર સ.અ.વ.ને આમંત્રણ આપ્યા વિના લગ્ન કરી લીધા હતા. જ્યારે લોકો લગ્નમાં થતા ખર્ચથી મંત્રમુગ્ધ થતા હોય ત્યારે આપણે તેમને અબ્દુલ રહેમાન બિન ઔફ રદિ.ના માનવતાના વિકાસ અને ભલાઈ અને ન્યાયના પ્રચાર માટે કરેલા ખર્ચની વાર્તા કહીએ અને સમાજના અંતરાત્માને લગ્નના આ બંને અબજોપતિઓના વિવાહના મોડલથી વાકેફ કરાવીએ. બંને અબજોપતિઓનાં વિવાહના મોડેલના તફાવતને સમજાવીને તેમને વધુ સારા રોલ મોડલ સ્વીકારવા માટે પ્રોત્સાહિત કરીએ. કોઈ કહી શકે કે આ બંને તો જુદા જુદા જમાનાની વાતો છે, એક ધાર્મિક વ્યક્તિ અને રસૂલનો સહાબી છે. આજના યુગમાં ધનિક લોકો આવું ન કરે, જો તમને પણ એવું જ લાગતું હોય તો નીચેની યાદી અને તેની વિગતો તપાસો.

૧. મેટાના સ્થાપક માર્ક ઝુકરબર્ગ અને પ્રેસ્કીલાચાને ૨૦૧૨માં તેમના ઘરના પાછળના ભાગમાં તેમના ટૂંકા લગ્ન સમારોહનું આયોજન કર્યું હતું, જેમાં ૧૦૦થી ઓછા મિત્રો અને પરિવારના સભ્યો હાજર હતા. મીડિયા અહેવાલો અનુસાર, ઈવેન્ટમાં સ્થાનિક રેસ્ટોરન્ટમાં તૈયાર કરાયેલ મેક્સિકન ફૂડ, સુશી અને સ્થાનિક રીતે બનાવેલી ચોકલેટ પેસ્ટ્રી ($૩.૫૦) પીરસવામાં આવી હતી.

૨. વિશ્વના ૧૦ સૌથી ધનાઢ્ય લોકોમાંના એક વોરેન બફેટે ૨૦૦૬માં તેની પત્ની સુસાન બફેટના મૃત્યુ બાદ એસ્ટ્રિડ મેન્ક્સ સાથે લગ્ન કર્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રિજન્સીમાં બોનફિશ ગ્રિલ નામની નજીકની સીફૂડ રેસ્ટોરન્ટમાં પોસ્ટ-વેડિંગ ડીનર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું.

૩. એપલના સ્થાપક સ્ટીવ જોબ્સે ૮ માર્ચ, ૧૯૯૧ના રોજ યોસેમિટી નેશનલ પાર્કની અહોની હોટેલમાં બૌદ્ધ સાધુ કોબાન ચિનો ઓટોગાવાના નેતૃત્વમાં ખૂબ જ સાદા ઝેન બૌદ્ધ સમારોહમાં લોરેન પોવેલ સાથે લગ્ન કર્યા હતા.

૪. અઝીમ પ્રેમજીના પુત્ર રશદ પ્રેમજીના લગ્ન ૨૦૧૫માં થયા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, લગ્નમાં લગભગ ૧૫૦ મહેમાનો આવ્યા હતા. આ સમારોહ બેંગ્લોરની એક હોટલમાં યોજાયો હતો અને પરિવારે સજાવટ અને ઉજવણી સાદી રાખી હતી.

૫. વિપ્રોના ચેરમેન અઝીમ પ્રેમજીએ ૧૯૬૬માં ખૂબ જ સાદગીથી લગ્ન કર્યા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અઝીમ પ્રેમજીના લગ્નમાં માત્ર પરિવારના સભ્યો અને નજીકના મિત્રોએ જ હાજરી આપી હતી.

અમે અહીં કેટલાક સેલિબ્રિટીના લગ્ન સમારોહને હાઈલાઈટ કર્યા છે. આ વિગતોનો ઉપયોગ કરવાની સાથે સાથે, અલ્લાહના પયગંબરના સાથીઓના લગ્ન, તેમજ આપણી આસપાસ બનતા સાદા લગ્નોને સમયાંતરે સમાજ સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવો જોઈએ. વિવિધ સંસ્થાઓનાં સાદા સમૂહ લગ્ન સમારંભો નિયમિતપણે યોજવામાં આવતા હોય, તે પ્રત્યે લોકોનું ધ્યાન આકર્ષિત કરવા અને તેને ચર્ચાનો વિષય બનાવવા પ્રયાસો કરવા જોઈએ. ચાલો આપણે આપણા અને આપણા પરિવારના લગ્ન શક્ય તેટલા સાદા અને સરળ બનાવવાનો પ્રયાસ કરીએ અને સાદા લગ્નની તરફેણમાં વ્યવહારૂ સાક્ષી બનીએ, જેથી ઉડાઉ અને અપવ્યય વગરના સાદા લગ્ન એક સામાજિક ચલણ બની શકે.

યાદ રાખો કે સાચો નમૂનો અને મજબૂત કથાનક અને વ્યવહારૂ વર્ણન સામાજિક ધોરણોને બદલી નાખશે, જ્યારે આવું થશે ત્યારે આજે જે નિરર્થક સમારંભો છે, આવતીકાલે તેમના પ્રત્યે અણગમો અને અરુચિ પેદા થશે અને સરળ લગ્નોને સ્વીકૃતિ મળશે અને તેના પ્રત્યે તિરસ્કાર સમાપ્ત થઈ એક સામાજિક ધોરણ આકાર પામશે, ઈન્શાઅલ્લાહ.

અલ્લાહ આપણ સૌને આ દિશામાં વિચારવાની અને સખત મહેનત કરવાની ક્ષમતા આપે. (આમીન)

•••

✍ અદનાન યૂસુફ

# વીતેલો સમય ફરી હાથ લાગતો નથી



**૪૦+** ની વય પછી આપણા ખોટા નિર્ણયો, ખોટી ટેવો, લાપરવાઈઓ અને જીવન પ્રત્યે બિન-ગંભીર વલણ પોતાના ફળ આપવાનું શરૂ કરી દે છે. આનો પ્રથમ તબક્કો સ્વાસ્થ્યથી જોડાયેલ હોય છે, બીજો તબક્કો વત્તાઓછા અંશે ૫૦ પછી આવે છે, જે પરિવાર ખાસ કરીને સંતાન સાથે સંકળાયેલ હોય છે. ત્રીજો ૬૦ પછી જ્યારે આર્થિક નિર્ણયોના ફળ આવવા લાગે છે અને અંતિમ લગભગ ૭૦ પછી જે સામાજિક વલણોના પરિણામ બતાવવાનું શરૂ કરી દે છે. આ એક અંદાજિત સીમાંકન છે, પરંતુ કહેવાનો ભાવાર્થ આ છે કે આપણને પોતાના જીવનમાં લેવામાં આવેલ નિર્ણયો અને વલણોના ફળ આ જ જીવનમાં મળવા શરૂ થઈ જાય છે.

૪૦ પહેલાં પણ આપણે વાળ ખરવાની ફરિયાદ કરી રહ્યા હોઈએ એવું બની શકે છે, પરંતુ ૪૦ પછી તાલ દેખાવા લાગે છે. આના પછી જ બ્લડ પ્રેશર, સુગર વિ.ની સમસ્યાઓ સામે આવવા લાગે છે. આંખો પર ચશ્મા લાગવાની નોબત આવે છે, કમરનો દુઃખાવો શરૂ થઈ જાય છે.

૫૦ થી પહેલાં પણ સંતાનના સ્વરમાં ઊંચો અવાજ, ગુસ્સો, રિશ્તાઓમાં અંતર, અને તેમનું પોતાના જીવનને લઈને ગંભીર ન હોવું વિગેરેનો સામનો કરવો પડી શકે છે, પરંતુ ૫૦ પછી સંતાનનો આ સ્વભાવ પાક્કો થતો દેખાવાનું શરૂ થઈ જાય છે. એટલો પાક્કો કે એ આપણને દુઃખ આપવાનું શરૂ કરી દે.

૬૦ પછીની આર્થિક પરેશાનીઓ તેના કરતાં ઘણી વધારે બૂરી તથા ખતરનાક હોય છે, જેની ફરિયાદ આપણે સંમગ્ર જીવન કરી હોય છે. હવે આપણને યાદ આવે છે કે જો અમે-આપણે આ કર્યું હોત તો આવું થઈ જાત, એ કર્યું હોત તો એવું થઈ જાત.

અને ૭૦ પછી આપણી કેટલીક આકાંક્ષાઓ પોતાના પરિવારની બહાર સમાજથી પણ હોય છે, જે પૂરી થતી નથી દેખાતી અને આપણે સમાજને કોસવાનું કામ ઝડપથી શરૂ કરી દઈએ છીએ.

આ તમામ પરિણામોથી પસાર થતાં આપણે ફક્ત પ્રથમ પડાવ પર ગંભીરતાથી ક્યારેક પોતાને જવાબદાર ઠેરવી દઈએ છીએ, પરંતુ આગળના સમગ્ર દોષ આપણે અન્યો પર થોપતા જઈએ છીએ, કે જેથી સ્વયંને પોતાની સામે લજ્જિત ન થવું

પડે. કુર્આન કહે છે **"બલૌ અલકા મઆઝીરહ"** (No Matter What Excuses You Present Now), કેમકે મૂળ સમસ્યા આ નથી કે પરિણામોનો ઠીકરો કોના પર ફોડવામાં આવે, બલ્કે મૂળ સમસ્યા તો આ છે કે આ પરિણામો તો ફકત આપણે અને આપણે જ ભોગળવાના હોય છે.

આમ તો જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી દરેક ભૂલને સુધારવાનો કે ખરી કરવાનો મોકો હોય છે, પરંતુ પરિણામ તો ત્યારે જ મળી શકે છે કે જ્યારે શરૂઆતથી ખરૂં કરવા કે સુધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોય. વીતેલો સમય હાથ નથી લાગતો અને વીતેલું જીવન પણ, પરંતુ જે સમય પણ હજી બાકી છે, અને તેમાં ભવિષ્યના આ પરિણામોની સમજ પેદા કરી લેવામાં આવે તો કદાચ હજી પણ પરિણામો ઉપર અસર નાખવાનો મોકો છે. પોતાનું સ્વાસ્થ્ય, પોતાની સંતાનની તર્બિયત (કેળવણી, પ્રશિક્ષણ), પોતાના ફુઝૂલ ખર્ચાઓ, આળસ અને સમાજને ગંદા કરવા કે તેનાથી કપાયેલા રહેવાની ટેવો પર થોડીક મહેનત કરી લેવામાં આવે, તો આશા છે કે કેટલાક સારા પરિણામો જોવા મળે. અને હા, એક પરિણામ જીવન પછીનું પણ છે, તેના પર ફરી ક્યારેક ......

---

# ધર્મની સમજ : ઈશ્વરનું સર્વોત્તમ પુરસ્કાર

(૩૨મા પાનાનું ચાલુ)

દરેક વ્યક્તિ માટે તો શક્ય નથી, અને જે લોકો આમાં જ લાગી જશે તેઓ બીજા જ્ઞાન, વિદ્યા અને કળા વિ. કેવી રીતે શીખશે ? અને કમાશે-ખાશે ક્યાંથી?

આના માટે કેટલાક મૌલવીઓએ આ 'ઉકેલ' સુઝાડયો કે દીનની સમજ હાસલ કરવી ન તો દરેકના વશની વાત છે, અને ન તો દરેક માટે જરૂરી (એટલે કે હદીસમાં જે દીનની સમજને 'ખૈર' કે 'ભલાઈ' બતાવાઈ છે એ 'ખૈર' કે 'ભલાઈ' ફક્ત કેટલાક ગણ્યા-ગાંઠયા લોકો માટે જ છે), બલ્કે સામાન્ય લોકો દીનના મામલામાં એ લોકો પર પૂરો ભરોસો કરે જે આ મદ્રસાઓથી ફારેગ હોય. બાકી લોકો દુન્યવી જ્ઞાન હાસલ કરવા અને કમાવા-ખાવા પર ધ્યાન આપે.

દીની અને દુન્યવી જ્ઞાનના આ અસ્વાભાવિક વિભાજન કે વ્હેંચણીએ મુસ્લિમ સમાજમાં પણ 'પુરોહિતવાદ'ને જન્મ આપ્યો અને જયારે પણ કોઈએ આ 'પુરોહિતવાદ'ને ખતમ કરવા માટે દીનને સરળ શૈલીમાં લોકો સુધી પહોંચાડવા માટેના પ્રયત્નો કર્યા, આ 'પુરોહિત' વર્ગે તેનો ખુલ્લેઆમ કે સ્પષ્ટપણે વિરોધ કર્યો. આ કાર્ય માટે આમ તો કેટલીય પ્રતીભાઓ મેદાનમાં આવી, પરંતુ મૌલાના સૈયદ અબુલ આ'લા મૌદૂદી (રહ.)એ જે રીતે સરળ ભાષા અને સરળ શૈલીમાં ઈસ્લામી શિક્ષણથી લોકોને વાકેફ કરાવ્યા એ પોતાનામાં એક આગવું ઉદાહરણ છે. તેમની તફસીર "તફહીમુલ કુર્આન"ને સામાન્ય કે પ્રચલિત ઉર્દૂ તથા હિંદી જાણનારા વર્ગને દીનની સમજ હાસલ કરવા માટે સૌથી શ્રેષ્ઠ તફસીર (વિવરણ) કહેવામાં આવે તો એ ખોટું નહીં હોય.

જે લોકોએ સંપ્રદાય, મસ્લક, ફિર્કાવારી પક્ષપાત (સાંપ્રદાયિક વિચાર)થી પાક-મુક્ત થઈને કુર્કાનના સંદેશને સમજવા માટે 'તફહીમુલ કુર્આન'નું અધ્યયન કર્યું, એ લોકો બતાવી શકે છે કે આ તફસીર કેવી રીતે તેમને ઈસ્લામ અને કુર્આનથી વાકેફ કરાવે છે, અને આ કે શા માટે ફિર્કાપરસ્ત મૌલવી વર્ગ આના વિરોધ પર અડેલો રહે છે.

આથી જો તમે ઉપર વર્ણવવામાં આવેલ હદીસ મુજબ દીનની સમજ હાસલ કરીને એ 'ખૈર' (ભલાઈ)ના હક્કદાર બનાવા ચાહો છો તો સૌથી સરળ રીત આ છે કે તમે "તફહીમુલ કુર્આન"નું અધ્યયન કરો. ઈશ્વરની કૃપા રહી તો તમને દીન (ધર્મ) સહેલાઈથી સમજમાં આવી જશે. કોઈ પણ તપાસ કે સંશોધન વિના કોઈ વ્યક્તિ કે કોઈ લેખનને ગુમરાહ કરનાર કહેવું અને માની લેવું અજ્ઞાનીઓની રીત હોય છે, બુદ્ધિમાનોની નહીં. આથી પહેલાં પઢો અને પછી નિર્ણય લો.

કેટલાક મૌલવીઓ તરફથી આ જે પ્રોપેગન્ડા કરવામાં આવે છે કે "ખબરદાર ! ડાયરેકટ કુર્આનનો અનુવાદ અને તફસીર પઢશો નહીં, નહિંતર ગુમરાહ થઈ જશો" તો આ પણ એક ફરેબ છે. તે એટલા માટે કે કોઈ જન્મથી જ હિદાયત પામેલ નથી હોતો. અલ્લાહ તરફથી અવતરિત 'વહ્ય' (પ્રકાશના)ના ઇલ્મથી જ તેને 'હિદાયત' મળી શકે છે. આથી કુર્આનને સમજવું સૌના માટે જરૂરી છે, ચાહે અરબી ભાષાં શીખીને તે એ સમજ હાસલ કરવામાં આવે અથવા અનુવાદ અને તફસીર દ્વારા. આના વિના 'હિદાયત'ની કલ્પના માત્ર એક વ્હેમ અને ધોખો છે.

•••

મુહમ્મદ ફારૂક ખાં

# નૈતિક ચેતના અને ભૌતિકવાદી દૃષ્ટિકોણ



**આ**જના યુગને વૈજ્ઞાનિક યુગ કહેવામાં આવે છે. એવો યુગ કે જેમાં અંધવિશ્વાસ માટે કોઈ સ્થાન ન હોય, જેમાં દરેક વસ્તુને સમજીને અને તેને વ્યવહારની કસોટી પર ચકાસીને તેના વિષે કોઈ નિર્ણય લેવામાં આવે છે અને એ અંગે કોઈ પૂર્વાગ્રહ કે પક્ષપાતથી કામ લેવામાં નથી આવતું, પરંતુ આપણે જોઈએ છીએ કે આ વૈજ્ઞાનિક યુગમાં પણ એ બધું થાય છે જેની કલ્પના કોઈ અંધકાર યુગમાં જ કરી શકાય છે.

આજે કોઈને જાણવા અને તેને સમજવા માટે જે સુવિધાઓ અને સરળતાઓ ઉપલબ્ધ છે કદાચ આ અગાઉ ક્યારેક ઉપલબ્ધ ન રહી હોય, તેમ છતાં સત્યને નિષ્પક્ષ રીતે સમજવું અને તેને પોતાનું સમર્થન આપવું કંઈ સરળ કાર્ય નથી. આપણે એકબીજાથી એટલા ભયભીત અને બદગુમાન છીએ કે આપણને આ વિશ્વાસ જ નથી બેસતો કે જીવનમાં ક્યાંકથી કોઈ અવાજ એવો પણ સંભળાઈ શકે છે કે જેની પાછળ કોઈ ધોખેબાજી અને પોતાનો ખાનગી સ્વાર્થ કામ કરી રહ્યો ન હોય, બલ્કે એ ખૂબ જ પવિત્ર અને નિષ્કલંક હોય.

અહીં અમે ઈસ્લામ ધર્મ વિષે કંઈક કહેવા ઇચ્છીએ છીએ. ઈસ્લામ જેટલો સ્પષ્ટ, બુદ્ધિસંગત અને હૃદયને સ્પર્શનાર ધર્મ છે એટલો જ એ આજે અપરિચિત દેખાઈ રહ્યો છે. ઢગલાબંધ ગેર સમજણો અને શંકાઓ તેના વિષે પેદા કરી દેવામાં આવી છે. કેટલીય ભ્રામક અને ગુમરાહ કરનારી વસ્તુઓ તેની સાથે જોડી દેવામાં આવી છે. અને આ દુષ્પ્રયાસ આજથી નહીં બલ્કે સેંકડો વર્ષોથી ચાલુ છે. તેમ છતાં આ ઘોર અંધકારમાં પોતાના અને અન્યોના અંતરાત્માને પોકારવો એ આપણું કર્તવ્ય છે. આપણે નિરાશ થઈને બેસી નથી શકતા. ક્યારેક તો મનુષ્ય સ્વયં પોતાની જાતની નિકટ થશે, અને તેને સત્યનો અવાજ સંભળાશે. ઈસ્લામનો અવાજ અને મનુષ્યના અંતરાત્માનો અવાજ, બે નહીં એક છે. મનુષ્ય જો પોતાના અંતરાત્માનો અવાજ સાંભળવામાં સક્ષમ થયો તો ઈસ્લામને સમજવો તેના માટે કંઈ મુશ્કેલ નહીં હોય.

ઈસ્લામનું અધ્યયન કેટલાય પાસાઓથી કરી શકાય છે. દા.ત. “માનવ-જીવનમાં ઈસ્લામની સાર્થકતા”, “સફળ-જીવન ઈસ્લામની દૃષ્ટિમાં”, “વિવિધ ધર્મોની વચ્ચે ઈસ્લામની વિશિષ્ટતા”, “માનવ-ચિંતન ઉપર ઈસ્લામનો પ્રભાવ”, “જીવનની નૈતિક માન્યતાઓ અને ઈસ્લામનું શિક્ષણ” વિ. વિ. અહીં અમે માત્ર ઈસ્લામના નૈતિક દૃષ્ટિકોણ વિષે કંઈક કહેવા ચાહીશું.

મનુષ્યમાં જોવા મળતી નૈતિક ચેતના આ વાતનું અકાટ્ય પ્રમાણ છે કે આને સમજવા માટે ભૌતિકવાદી દૃષ્ટિકોણ પર્યાપ્ત નથી. માનવી ભૌતિક તત્ત્વો સિવાય પણ કંઈક છે, અને એ કંઈક અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

આ જ અતિરિક્ત તેને સામાન્ય જીવ-જંતુઓથી અલગ એક વિશિષ્ટતા અર્પણ કરે છે. આ અતિરિક્ત આપણા ચિંતન માટે એવો આધાર સિદ્ધ થાય છે કે પરમાત્મા કે જગત-નિયંતાની ધારણા આપણા માટે પ્રત્યક્ષ સત્યનું રૂપ ધારણ કરી લે છે. ચેતના, વિશેષરૂપથી નૈતિક ચેતનાનો સ્રોત કોઈ જીવંત સત્તા જ હોઈ શકે છે. નિર્જીવ પદાર્થ વિ.માં આનો સ્રોત શોધવો સૌથી મોટી મૂર્ખતાની વાત હશે.

જીવન માટે નૈતિક ચેતના એ પવિત્ર સૂક્ષ્મ અને સુંદર ઉપહાર છે કે જેની તુલના અન્ય કોઈ પણ સુંદરતા સાથે નથી કરી શકાતી. આપણે જાણીએ છીએ કે નૈતિક ચેતનાનું ગાઢ અને વ્યાપક દૃષ્ટિકોણ આપણા જીવનના દરેક ક્ષેત્રને પોતાની સીમામાં લઈ લે છે. જીવનના કોઈ પણ પાસાને આની સીમાથી અલગ નથી કરી શકાતું.

આ આપણું નૈતિક કર્તવ્ય છે કે પોતાના સર્જનહાર ઈશ્વર પ્રતિ પોતાના કર્તવ્યોને સમજીએ અને જીવનમાં તેનું પાલન કરીએ. આપણે પ્રત્યેક અવસ્થા અને દરેક મામલામાં પોતાના દાયિત્વને જાણીએ અને કદાપિ તેની ઉપેક્ષા ન કરીએ.

ઇસ્લામના શિક્ષણની વિશેષતા પણ આ જ છે કે એ વિચારો તથા ધારણાઓથી લઈને વ્યવહારિક જીવનની નાની-મોટી દરેક વસ્તુને નૈતિક મૂલ્યોના પ્રકાશમાં જ જુએ છે. આ બુન્યાદી વાતને જો આપણે સામે રાખીએ તો ઇસ્લામી શિક્ષણ અને ઇસ્લામના નિર્દેશોનું મૂલ્યાંકન આપણા માટે ખૂબ જ સરળ થઈ જશે.

જીવનમાં નૈતિક દાયિત્વોનું નિર્વાહ કોઈ સરળ કાર્ય નથી. આના માટે આવશ્યક છે કે આપણા દૃષ્ટિકોણમાં વ્યાપકતા હોય અને આપણું હૃદય અત્યંત વિશાળ હોય આના વિના ન તો આપણે ઇસ્લામી શિક્ષણના મહત્ત્વનું અનુમાન કરી શકીએ છીએ અને ન તો એ શિક્ષણનું પાલન જ સારી રીતે શક્ય બની શકે છે.

એક વિશાળ અને ભવ્ય ભવનનો નકશો કોઈ કંગાળ તથા દરિદ્ર વ્યક્તિના મનમાં કદાપિ નથી આવી શકતો, અને ન તો ક્યારેક એ એવા ભવનના નિર્માણની વાત વિચારી શકે છે. આથી મનુષ્યની સફળતા માટે અનિવાર્ય છે કે એ કોઈ પણ પ્રકારની તંગદિલીનો ભોગ ન બને. કુર્આને સ્પષ્ટ શબ્દોમાં ઘોષણા કરી છે :

**"હકીકત આ છે કે જે લોકોને હૃદયની તંગીથી બચાવી લેવામાં આવ્યા તેઓ જ સફળતા પામનારા છે." (સૂરઃ હશ્ર, આયત-૯)**

ઈશ્વરના પૈગમ્બર હઝરત મુહમ્મદ સ.અ.વ.નું આ કથન અત્યંત મહત્ત્વપૂર્ણ છે :

**"આસ્થાવાન વ્યક્તિ (ઈમાનવાળા)માં બે વસ્તુઓ એકત્ર નથી હોઈ શકતી, કૃપણતા અને દુરાચરણ." (અહમદ)**

ઇસ્લામનું સમગ્ર શિક્ષણ માનવ-પ્રકૃતિની પરિચાયક છે. આથી એ આપણા માટે દુસાધ્ય અને અપ્રિય નથી હોઈ શકતી. આ અલગ વાત છે કે આપણે પોતાની પ્રકૃતિ અને પોતાના વાસ્તવિક સ્વભાવથી દૂર થઈ જઈએ, અને હિતકર વાતોને અહિતકારી સમજવા લાગીએ.

ઇસ્લામી શિક્ષણના અનુપાલનનો અર્થ વાસ્તવમાં પોતાના અંતરાત્મા અને પોતાના વ્યક્તિત્વને વિકસિત કરવાનો છે. આ ઉપરાંત આનો કોઈ બીજો અર્થ નથી થતો. ઇસ્લામી શિક્ષણનું અનુપાલન આપણા પોતાના સ્વાભાવિક ચારિત્ર્યને અનુકૂળ પણ છે અને આના જ અનુપાલનથી આપણા વ્યક્તિત્ત્વનું નિર્માણ, તેનું રક્ષણ અને તેનો વિકાસ પણ શક્ય છે.

મનુષ્યનું સંપૂર્ણ જીવન તેના ઈમાન અને તેની નૈતિકતાનું પરિચાયક હોય. આ જ ઇસ્લામમાં ઇચ્છિત છે. અલ્લાહ (ઈશ્વર)ના પૈગમ્બર હઝરત મુહમ્મદ સ.અ.વ.એ કહ્યું છે કે ઈમાન (અર્થાત્ આસ્થા સમ્મત નૈતિક માન્યતાઓ)ના સિત્તેરથી વધુ સ્તર (શાખાઓ) છે. તેમાં સૌથી ઊંચું સ્તર આ કહેવું છે કે : અલ્લાહ સિવાય કોઈ બંદગી અને ઉપાસનાને લાયક નથી અને તે (સ્તરો)માં સૌથી નાનું સ્તર આ છે કે રસ્તામાંથી (કાંટા, પથ્થર વિ.) કષ્ટદાયક વસ્તુઓને ખસેડી દેવામાં આવે. લજ્જા પણ ઈમાનની શાખાઓમાંથી એક શાખા છે." (બુખારી, મુસ્લિમ)

આપ સ.અ.વ.એ કહ્યું છે : "અલ્લાહ એ વ્યક્તિ પર દયા નથી કરતો જે લોકો પર દયા નથી કરતી." (બુખારી, મુસ્લિમ)

સારાંશ આ છે કે ઇસ્લામમાં ધર્મ પરાયણ હોવા માટે ફક્ત આટલું જ પૂરતું નથી કે માણસ પોતાનો સંબંધ ઈશ્વર (અલ્લાહ) સાથે સારો રાખે, બલ્કે આના માટે આ પણ જરૂરી છે કે આપણા સંબંધ લોકો સાથે પણ સારા અને મધુર હોય. વાસ્તવમાં પરસ્પરના સંબંધોને સારા રાખવા અને તેમના હક્કોને ઓળખવાનું નામ ઇસ્લામ છે. કાશ ! દુનિયા આ સીધી-સાચી વાતને સારી રીતે સમજી શકતી. •••

✍ સુફિયાન અહમદ



# સાંપ્રદાયિક વિભાજનને સંસ્થાગત્ બનાવવાનો કુત્સિત પ્રયાસ

એક તરફ જ્યાં સમગ્ર વિશ્વના મોટાભાગના દેશો ભવિષ્યના પોતાના પડકારોનું આકલન કરવા તથા તેનાથી નિપટવામાં પોતાની સંપૂર્ણ મેધાને ઝોંકી રહ્યા છે, ત્યાં જ ભારતમાં મોટી સંખ્યામાં રાજકીય નેતૃત્વ આજે પણ જાતિ અને ધર્મને નકારાત્મક રૂપથી મુખ્ય વિમર્શ બનાવવામાં પોતાની પૂરી ઊર્જા ખપાવી રહ્યા છે.

હાલમાં જ કાંવડ યાત્રાના માર્ગમાં દુકાનદારોને નામની પ્લેટ લગાવવા સંબંધે સરકારી આદેશ આનું તાજું ઉદાહરણ છે. જો કે સુપ્રીમ કોર્ટે કાંવડ-યાત્રીઓના માર્ગ પર આવેલ તમામ ખાદ્ય દુકાનોના માલિકોના નામ મુખ્ય રીતે પ્રદર્શિત કરવાના ઉત્તર પ્રદેશ સરકારના આદેશ પર સ્ટે આપી દીધો, પરંતુ આ માત્ર એક અસ્થાયી રાહત છે. એક સમાજના રૂપમાં આપણને હજી પણ એ છૂપી માનસિકતાનો સામનો કરવો પડશે, જેનું પ્રતિનિધિત્વ ઉત્તર પ્રદેશ સરકારનો આ આદેશ કરતું હતું.

આજે વિશ્વ બેરોજગારી, વિવિધ પ્રકારના રોગો, મંદી વિ.ની સામે ઝઝૂમી રહ્યું છે. સાથે જ આવનારા પડકારોને લઈને બેચેન છે. આ ઉપરાંત પર્યાવરણ, ગ્રીન ગેસોના આતંક, પ્રદૂષણ તથા ગેસ ઉત્સર્જનના કારણો વિવિધ પ્રકારના થતા બદલાવને લઈને પણ પડકાર બનતો દેખાઈ રહ્યો છે, તો ભારતમાં રાજકીય નેતૃત્વ જાણે કે તમામ તથ્યોથી અજાણ ક્યારેક હિંદુ-મુસ્લિમ, તો ક્યારેક મંદિર-મસ્જિદમાં ગૂંચવાયેલ દેખાય છે. આને વૈચારિક દેવાળિયાપણું જ કહેવાશે.

જે મુદ્દાઓનો લોકોની ભલાઈ સાથે કોઈ સંબંધ નથી અને ઓછામાં ઓછા ૯૦ ટકાથી વધુ લોકોનો તો કોઈ જ સંબંધ નથી, એ મુદ્દાઓથી દેશને ગેરમાર્ગે દોરવા શું દેશ અને સમાજ સાથે ગદ્દારી નથી ?

કાંવડ-યાત્રાની પરંપરા હિંદુ ધર્મનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે અને સરકાર આની સ્વતંત્ર અભિવ્યક્તિ માટે તમામ આવશ્યક ઉપાય કરી શકે છે. એ વ્યવસાયિક પ્રતિષ્ઠાનોના વિવિધ વિવરણોને સાર્વજનિક કરવાની માગ પણ કરી શકે છે, આ શરતે કે તે સાર્વજનિક હિતમાં હોય; પરંતુ આપણે કોઈ ભ્રમમાં ન રહેવું જોઈએ. દુકાન માલિકના નામને પ્રદર્શિત કરવાના સરકારી આદેશોના મુસલમાનોને લક્ષ્ય બનાવતાં તેમનો બહિષ્કાર કરવા સિવાય કોઈ અન્ય હેતુ દેખાતો ન હતો.

સરકાર કાંવડ-યાત્રાને સુવિધાજનક બનાવવાના તમામ પ્રયત્નો જરૂર કરી શકે છે, પરંતુ તે એનાથી આગળ વધી રહી હતી. તેનો તર્ક હતો કે એ આદેશ કાંવડિયાઓને એવો નિર્ણય લેવામાં સક્ષમ બનાવવા માટે હતો કે જેનાથી યાત્રાની પવિત્રતા યથાવત્ રહે. આ અનેક કારણોથી સાંપ્રદાયિક તર્ક છે. કાંવડયાત્રીઓ જેમની સાથે ઇચ્છે

ખરીદ-વેચાણ કરી શકે છે. આ આદેશોથી સરકારી અધિકારીઓને નાના દુકાનદારોને હેરાન-પરેશાન કરવા અને તેમની ઓળખ અને કાગળોની સતત તપાસ કરવાનો હક્ક મળી જતો. આ ‘મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નેન્સ’ ના સિદ્ધાંતને અનુરૂપ પણ ન હતું.

આનાથી પણ ગંભીર વાત આ હતી કે આ આદેશ મુસલમાનોની દુકાનોને અન્ય દુકાનોથી સ્પષ્ટરૂપે અલગ કરવાની અનુમતિ આપનારો હતો. અંતે કોઈ આ દુકાન માલિકોની સાર્વજનિક રૂપથી ઓળખ કેમ કરવા ચાહશે ? આની પાછળ આ તર્ક હતો કે ધોખેબાજી અને અશુદ્ધતાથી બચવા માટે દુકાનદારની ઓળખ જરૂરી કે કોઈ દુકાનનું નામ હિંદુ જેવું લાગતું હોય, પરંતુ એ કોઈ મુસ્લિમ દ્વારા સંચાલિત હોઈ શકે છે. ત્યાં જ આ આદેશ તીર્થયાત્રીઓને ફક્ત હિંદુઓથી ભોજન ખરીદવાની પરવાનગી આપીને કાંવડયાત્રાની શુદ્ધતા જાળવી રાખવામાં મદદ કરતો.

જો તમે આના પર સોશ્યલ મીડિયા પર ચાલી રહેલી ચર્ચાઓ પર નજર નાખશો તો સ્પષ્ટ થઈ જશે કે આ આદેશોની પાછળ એ પૂર્વગ્રહ છુપાયેલ હતો કે મુસલમાનો પોતાની ઓળખ ખોટી રીતે રજૂ કરી ધોખેબાજી કરે છે, પરંતુ કોઈ દુકાનનું એવું નામ હોવું ગેરકાયદેસર નથી, જે તેના માલિકના ધર્મને દર્શાવતો ન હોય. આ શરમની જ વાત હોવી જોઈએ કે ભારતમાં લઘુમતી અને દલિતો પોતાની ઓળખ છુપાવીને જ વ્યાપાર કરી શકે છે. આનાથી પણ વધુ ખતરનાક વાત આ છે કે આ વિમર્શ આ વિચારને સામાન્ય બનાવે છે કે મુસલમાનો કોઈક પ્રકારના પ્રદૂષણના સ્રોત છે.

યાદ રાખો કે ધાર્મિક સમૂહોના પોતાના નિષેધ હોય છે. મુસલમાનો હલાલ ભોજનને પ્રાથમિકતા આપે છે. કાંવડયાત્રી શાકાહારી કે સાત્વિક ભોજન પસંદ કરી શકે છે. તેઓ આ વિકલ્પોનો પ્રયોગ કરવા માટે સ્વતંત્ર છે, પરંતુ આ વિકલ્પ વેચાઈ રહેલા ઉત્પાદનની ગુણવત્તાથી નક્કી થાય છે, વેચનારાની ઓળખથી નહીં.

આથી આ આગ્રહ કે શુદ્ધતા માટે કોઈ દુકાનમાલિકની ઓળખ જાણવી જરૂરી છે, મુસલમાનોને લક્ષ્ય બનાવવા સિવાય બીજું કંઈ જ નથી લાગતું. આ વહીવટી આદેશોની આડમાં અસ્પૃશ્યતાના એક નવા રૂપને સંસ્થાગત બનાવવાનો પ્રયાસ હતો.

ઉલ્લેખનીય છે કે ઉત્તરપ્રદેશની યોગી સરકાર દ્વારા લેવામાં આવેલ આ પગલા પછી રાજકીય ક્ષેત્રે વિશેષ ગરમાવો જોવા મળ્યો. સપા, બસપા સહિત તમામ વિરોધ પક્ષોએ તો આનો વિરોધ કર્યો જ, પરંતુ સાથે જ ભાજપના સાથી પક્ષોએ પણ આ આદેશ પર વાંધો દર્શાવતાં આને પાછો ખેંચવાની માગ કરી. મંત્રી ચિરાગ પાસવાને પણ યોગીના આ ફેસલા પર વાંધો વ્યક્ત કર્યો. તેમનું કહેવું હતું કે મારી લડત જ્ઞાતિવાદ અને સાંપ્રદાયિકતાની વિરુદ્ધ છે. આથી જ્યાં પણ જાતિ અને ધર્મના વિભાજનની વાત હશે હું તેનું સમર્થન ક્યારેય પણ નહીં કરૂં. ભાજપના વરિષ્ઠ નેતા મુખ્તાર અબ્બાસ નકવીએ પણ આ આદેશને છૂતછાત કે અસ્પૃશ્યતાને વધારનાર ગણાવ્યો. જો કે પાછળથી પોતાના નિવેદનથી ફરી જતા દેખાયા. ભાજપના અન્ય સહયોગી રાષ્ટ્રીય લોકદલના પ્રદેશ અધ્યક્ષ રામાશીષ રાયે આ આદેશને ગેરબંધારણીય, જાતિ અને સંપ્રદાયને વધારનાર ગણાવ્યો.

એક તરફ જ્યાં મુખ્ય વિપક્ષી પક્ષ કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ આ આદેશને બંધારણ, લોકશાહી અને આપણા સંયુક્ત વારસા પર આક્રમણ ગણાવ્યો, તો બીજી બાજુ બસપા સુપ્રીમો માયાવતીએ આના પર પોતાની પ્રતિક્રિયા આપતાં કહ્યું કે ચૂંટણીકીય લાભ ખાતર આ આદેશ પૂરી રીતે ગેરબંધારણીય છે. ધર્મ વિશેષના લોકોનો આ રીતે આર્થિક બહિષ્કાર કરવાનો પ્રયાસ ખૂબ જ નીંદનીય છે. સાથે જ સપા સાંસદ પ્રો. રામ ગોપાલ યાદવનું કહેવું હતું કે લોકસભાની ચૂંટણીઓમાં પોતાના પરાજયથી અટકાયેલ સરકાર પ્રદેશને સાંપ્રદાયિકતાની આગમાં ઝોંકવા ચાહે છે.

સારાંશરૂપે આ કહી શકાય છે કે કોઈ પણ ન્યાયપ્રિય વ્યક્તિ દ્વારા એવા કોઈ પણ સરકારી આદેશનું સમર્થન કરી ન શકાય કે જે સાંપ્રદાયિક વિભાજનની વાત કરતો હોય.

કોઈ પણ દેશ અને સમાજના નેતૃત્વની આ જવાબદારી હોય છે કે એ પોતાના ત્યાં ધાર્મિક અને સામાજિક કટુતા દૂર કરે, અવિશ્વાસ ખતમ કરે અને ઇતિહાસની કટુતાથી પોતાના સમાજ અને દેશને દૂર રાખવાનું માધ્યમ બને. નવી પીઢીને નવો પ્રગતિશીલ સમાજ અને દેશ બનાવવાને પ્રેરિત કરે, નહીં કે જૂની કટુતા આવનાર પીઢીને સોંપે. તેમ છતાં જે લોકો આવું કરે છે તેઓ એવા લોકો છે જેમની પાસે દેશ, સમાજ અને માનવતા માટે કોઈ સાર્થક સપના નથી. તેઓ દેશને ફક્ત જાતિ અને ધર્મમાં ગૂંચવી નાખીને અસલ કે સાચા મુદ્દાઓથી મોઢું છુપાવવા ચાહે છે. દેશ અને સમાજે આવા લોકોને અરીસો બતાવવો જ પડશે ત્યારે જ આવા લોકોથી મુક્તિ મળશે. •••



# આ દુઃખાવાથી રહો દૂર

ગેસની સમસ્યા અને પેટનો દુઃખાવો આજકાલ સામાન્ય છે, પરંતુ જો સતત રહે તો આ સામાન્ય દુઃખાવો નથી, બલ્કે ગેસ્ટ્રો-ઈન્ટેસ્ટાઇનલ ડિસઓર્ડર (આંતરડાનો વિકાર) હોઈ શકે છે.

શું તમને પણ અવાર-નવાર દુઃખાવો, ચૂંક, ઝાડા, વારંવાર પેશાબ લાગવો અને બળતરા જેવી પેટથી જોડાયેલ સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે ? તમે આ સમસ્યાઓ પર વધુ ધ્યાન નથી આપતા અને આને સામાન્ય સમજીને છોડી દો છો? પરંતુ સાવધાન થઈ જાવ. આ પણ તમારા સ્વાસ્થ્ય સાથે સંકળાયેલ એક સમસ્યા છે જેને ગેસ્ટ્રો-ઈન્ટેસ્ટાઇનલ ડિસઓર્ડરના નામથી ઓળખવામાં આવે છે. જાણકારો અનુસાર ગેસ્ટ્રો-ઈન્ટેસ્ટાઇનલ ડિસઓર્ડરમાં પેટ, નાના આંતરડા કે મોટા આંતરડામાં ઈન્ફેક્શન હોઈ શકે છે. આના મુખ્ય લક્ષણોમાં પેટમાં દુઃખાવો, ચૂંક, ઉલ્ટી, ઝાડામાં લોહી આવવું અને ડિહાઈડ્રેશન હોઈ શકે છે. અને તમારૂં બ્લડ પ્રેશર ઓછું હોઈ શકે છે. લાંબા સમય સુધી આની ઉપેક્ષા કરવાથી આંતરડા કમજોર થઈ શકે છે. આથી જરૂરી છે કે ખરા કે યોગ્ય સમયે આનો ઈલાજ કરાવવામાં આવે.

(જો તમે ખાવાનું ઓછું ખાવ છો, તેમ છતાં પણ પેટ હંમેશાં ભરેલો-ભરેલો લાગે છે, તો આ વાતને હળવાશથી ન લો.)

**પેટમાં ચૂંક :**

પેટમાં દુઃખાવો થવો એ કોઈ સામાન્ય વાત નથી. આ હંમેશાં જ પેટથી જોડાયેલ તકલીફો પ્રત્યે સંકેત આપે છે. જો તમને ખાવાનું ખાધા પછી પેટમાં દુઃખાવો અને ચૂંક થાય છે તો આ ક્રોહન રોગનું એક લક્ષણ હોઈ શકે છે. પાચનતંત્રના પડમાં સોજાના કારણે આ થાય છે, જેનાથી પેટમાં તીવ્ર દુઃખાવો અને ચૂંક વધી શકે છે.

**નાભિમાં શૂળ :**

જો નાભિમાં દુઃખાવો થાય છે તો આ યૂરિનરી ટ્રેક્ટ ઈન્ફેક્શન (યુ.ટી.આઈ.)નું એક લક્ષણ હોઈ શકે છે. આ પરેશાની મહિલાઓ અને બાળકોમાં વધુ જોવા મળે છે. યુ.ટી.આઈ.ના અન્ય સંકેતોમાં પેટમાં દુઃખાવો, દબાણ અનુભવવો અને પેશાબ કરતી વખતે દુઃખાવો અને બળતરા થઈ શકે છે.

**સોજો જણાય :**

જો તમને પેટનો કોઈ ભાગ ઉપસેલો અથવા પેટમાં સોજો લાગે તો આ મોટાભાગે કંઈક ખાધા પછી વધારે લાગે છે તો આ પેટની કોશિકાઓમાં ઈન્ફેક્શન કે હર્નિયા હોઈ શકે છે. આવામાં તમારે પેટના ડૉકટરથી તપાસ કરાવવી જોઈએ.

**ઉપરના તથા નીચેના ભાગમાં :**

પેટના ઉપરના ભાગમાં દુઃખાવાની અનુભૂતિનું એક કારણ ગોલબ્લેડર સ્ટોન પણ હોઈ શકે છે, ત્યાં જ પેટના નીચેના ભાગમાં દુઃખાવો થવાનું એક કારણ અપેન્ડીસાયટિસનું લક્ષણ પણ હોઈ શકે છે. આ બન્નો જ દુઃખાવા અસહની હોય છે, જેનાથી તમને ઉલ્ટી અને શરીરમાં દુઃખાવો હોઈ શકે છે.

**લાંબા સમયથી ઝાડા :**

જો લાંબા સમયથી ઝાડા થઈ રહ્યા હોય તો આનું કારણ ઈરિટેબલ બૉવેલ

સિન્ડ્રોમ, અથવા તો પછી પેટમાં કોઈ પ્રકારનું ઈન્ફેક્શન હોઈ શકે છે. આનું કારણ ફૂડ એલર્જી પણ હોઈ શકે છે.

**ભૂખ લાગે ત્યારે :**

સામાન્ય કે તીવ્રપણે ભૂખમાં જો પેટમાં દુઃખાવો જણાય છે તો આ પેટના અલ્સરના લીધે પણ હોઈ શકે છે. આમાં કંઈ પણ ખાવાથી પેટમાં દુઃખાવો બળતરા જણાય છે.

**પેટ ભરાયેલું લાગવું :**

તમે તો ઓછું ખાવ છો, પરંતુ તમને પેટ હંમેશાં ભરેલો-ભરેલો લાગે છે. આ કોઈ સામાન્ય વાત નથી. આ અલ્સર અને ગેસ્ટ્રોએસોફેગલ રિફ્લક્સની બીમારીના કારણે હોઈ શકે છે. ગંભી સ્થિતિમાં આ ઓવેરિયન કેન્સરનું એક લક્ષણ પણ હોઈ શકે છે, જે મહિલાઓમાં સૌથી વધુ થનારા કેન્સરમાંથી એક છે.

**બચાવના ઉપાય :**

ગેસ્ટ્રોઈન્ટેસ્ટાઈનલ ડિસઓર્ડરની સમસ્યાઓથી બચવા માટે ઘર બનેલ સાફ અને સ્વચ્છ ભોજન જ ખાવ.

જેટલું શક્ય હોય બહારના ભોજન અને જંક ફૂડનું સેવન ન કરે. સાથે જ દૂષિત પાણીનો બિલકુલ પણ ઉપયોગ ન કરો. ન તો ખાવાનું રાંધવા માટે અને ન જ પીવા માટે. પીવા અને રાંધવા માટે વોટર પ્યૂરીફાયરના પાણીનો જ ઉપયોગ કરો. ઘરમાં લાવવામાં આવેલ શાકભાજીઓ અને ફળોને સ્વચ્છ પાણીથી ધોઈને જ ખાવ. જો લાંબા સમય સુધી આ સમસ્યા રહે છે, જેમકે તીવ્ર તાવ કે ઝાડા તો ડૉક્ટરની સલાહથી જ કેટલીક એન્ટીબાયોટિક દવાઓનો ઉપયોગ કરી શકાય છે. આ સિવાય આ સમસ્યાથી છુટકારો કે રાહત મેળવવા માટે તમારે પોતાના જીવનમાં કેટલીક ટેવોને અપનાવવી પડશે. જેમકે



સમયસર ભોજન ભરપૂર માત્રામાં પાણી પીવું તથા કસરત કરવી વિ. વિ..

**પાણી મોટા પ્રમાણમાં પીવું :**

કુદરત દ્વારા આપણને આપવામાં આવેલ પાણી આપણા માટે બહુમૂલ્ય છે. મોટાભાગના લોકો આખા દિવસમાં બહુ ઓછું પાણી પીએ છે. આપણે એક દિવસમાં ૨ થી ૪ લીટર પાણી પીવું જોઈએ. જો તમારૂં પાચનતંત્ર ઠીક નથી તો તમે આને વધુ પ્રમાણમાં પીને પણ મોટી હદ સુધી મજબૂત કરી શકો છો. આનાથી શરીરમાં પાણીની પૂર્તિ તો થાય છે જ, સાથે જ ભોજન પચાવવામાં પણ સરળતા રહે છે.

**ફાસ્ટ ફૂડને ના કહો :**

જો તમે ચાહો છો કે ગેસની સમસ્યા ન થાય તો ફાસ્ટફૂડને ના કહો. પોતાના રોજના ભોજનમાં પણ તેલ-મસાલાની માત્રા થોડી ઓછી રાખો શક્ય હોય તો જમી લીધા પછી થોડા દહીંનું સેવન કરો. જો ભોજન વધુ તેલ-મસાલાથી ભરપૂર હોય તો દહીંને અવશ્ય જ પોતાના ભોજનમાં સામેલ કરો. આનાથી તમને ભોજન પચવામાં સરળતા રહેશે. સાથે જ પોતાના ભોજનમાં ફાઈબર-યુક્ત પદાર્થોને ભોજનમાં સામેલ કરો.

•••


Reg.No. A-7183

Google Reviews 4.8 ★★★★★

Top Rated Dental Clinic

Dr. Saba Baloch
B.D.S.
(Dental Surgeon)

# Dr. Saba Dental Clinic

## Multi Speciality Family Dental Care

:: Our Specialties ::

Dental Implants Surgery | Cosmetic Dentistry | Tooth Reshaping & Contouring |Cosmetic Gum Surgery |
Veneers | Single sitting root canal | Tooth Whitening Treatment | Dental Crown and Bridge |Prosthesis
Tooth Cleaning | Tooth Jewellery | Inlays and Onlays | Extractions | Tooth Coloured Restoration

:: Facilities ::

Equipped with latest equipment | Digital X Ray | Endosonic Apex Locator
| Wave one rotary system | Imported Dental Chair

Timings : Morning 10:30am-2pm | Evening 4pm-8pm

Available on Emergency Trauma Cases +91 99983 60503

Al-Arsh I, Nr. Bank of India, Gulzar Park, Sarkhej Road, Ahmedabad – 55
Email: drsabadentalclinic@gmail.com | Website: www.sabadentalclinic.com

# ધર્મની સમજ : ઈશ્વરનું સર્વોત્તમ પુરસ્કાર



**આ** તે મતભેદનો વિષય હોઈ શકે છે કે કયો ધર્મ સૌથી સત્ય ધર્મ છે, પરંતુ આ વાતથી મતભેદ કરી શકાય નહીં કે ધર્મ એ વિચારધારા છ જે મનુષ્યને નૈતિક સીમાઓમાં રહેવાનું શીખવે છે. ધર્મને જીવનમાંથી કાઢી નાખવામાં આવે તો નિરી-નૈતિકતાનો કોઈ અર્થ નથી રહી જતો.

નાસ્તિક લોકો પણ કોરી નૈતિકતાનો ઉપદેશ આપે તો અવશ્ય છે, પરંતુ તેમની પાસે આ વાતનો કોઈ ઉત્તર નથી હોતો કે જો ઈશ્વરનો કોઈ અસ્તિત્વ નથી અથવા પાપ અને પુણ્યના રૂપમાં કર્મોનો કોઈ સારો કે ખરાબ ફળ નથી ભોગવવો તો પછી આ નૈતિક સીમાઓ શા માટે ? જ્યારે મૃત્યુ પછી માટી જ થઈ જવાનું છે તો પછી શા માટે વધુમાં વધુ લૂંટ-ફાટ કે બેઈમાની કરવામાં ન આવે ? વૈધ-અવૈધની પરવા કર્યા વિના, રિશ્તાઓની મર્યાદાની પરવા કર્યા વિના બસ વધુમાં વધુ સુખ ભોગવવાના પ્રયાસો કેમ કરવામાં ન આવે ?

આ રીતે આપણે કહી શકીએ છીએ કે ધર્મ વિના નૈતિકતાનો કોઈ આધાર નથી, અને મનુષ્ય માટે નૈતિકતા ખૂબ જ આવશ્યક છે, નહિંતર મનુષ્ય અને પશુમાં કોઈ ભેદ બાકી નહીં રહી જાય. આથી નૈતિકતા માટે ધાર્મિક આધાર આવશ્યક છે. આ ધર્મ તો છે જે મનુષ્યને અંધકારમાં પણ પાપ કરવાથી રોકે છે.

આ ધર્મ જ છે કે પાપ થઈ ગયા પછી મનુષ્યમાં આત્મગ્લાનિ કે પસ્તાવાની ભાવના પેદા કરે છે અને અંતે તેને પ્રાયશ્ચિત કરવા માટે બાધ્ય કરી દે છે. માનવ-ઈતિહાસમાં અંતરાત્મા, વિવેક વિગેરે શબ્દો ધર્મની જ દેણ છે. હા, આ માનવના વિવેક અને શોધ પર નિર્ભર કરે છે કે એ કયા ધર્મને પોતાની પ્રવૃત્તિ અનુસાર વધુ અનુકૂળ જુએ છે ? આના માટે જરૂરી છે કે સાચા ધર્મની સાચી સમજ વિકસિત કરવામાં આવે.

અબ્દુલ્લાહ બિન અબ્બાસ રદિ.નું કથન છે કે ઈશ્વરના પયગમ્બર હઝરત મુહમ્મદ સ.અ.વ.એ ફરમાવ્યું, "જેની સાથે અલ્લાહ ભલાઈનો ઈરાદો કરે છે, તો તેને દીન (ધર્મ)ની સમજ એનાયત કરી દે છે." (સુનન તિર્મિઝી-૨૬૪૫)

ઉપર વર્ણવવામાં આવેલ હદીસમાં જણાય છે કે દીનની સમજ સ્વયં પોતાનામાં ઈશ્વરની બહુ મોટી કૃપા છે. પરંતુ એક સામાન્ય માણસની સામે પ્રશ્ન આ પેદા થાય છે કે એ અંતે દીનની સમજ પેદા થાય છે કે એ અંતે દીનની સમજ કેવી રીતે હાસલ કરે. સામાન્ય રીતે તો આ જ કલ્પના ફેલાવી દેવામાં આવી છે કે દીન શીખવા માટે કોઈ ને કોઈ મદ્રસાથી શિક્ષણ હાસલ કરવું જરૂરી છે, જેમાં અરબી ભાષા, સર્ફ-વ-નહ્વ (અરબી ગ્રામર), ફિલોસોફી (દર્શનશાસ્ત્ર), મન્તિક (તર્કશાસ્ત્ર) અને શી ખબર શું શું ભણવાની જરૂરત હોય છે, જેમાં કેટલાય વર્ષો લાગી જાય છે. આ

*(અનુસંધાન ૨૫મા પાને)*




ફિરઔનના શાસનકાળ દરમિયાન મિસરમાં અત્યાચારોનું પ્રમાણ વધતું જતું હતું. ફિરઔન કિબ્તી (મિસરી) લોકોને માન આપતો હતો, જ્યારે બનીઇસ્રાઈલને નિમ્ન અને અપમાનિત જાતિ માનતો હતો. ઇસ્રાઈલીઓની શક્તિને ઘટાડવા માટે તે નવા નવા ષડ્યંત્રો કરતો રહેતો. એક રાતે ફિરઔને સ્વપ્નમાં જોયું કે તેના રાજ્યનું પતન થશે. જ્યોતિષીઓએ તેના સ્વપ્નની વ્યાખ્યા કરી કે, આમાં એક ઇસ્રાઈલી બાળક મહત્ત્વની ભૂમિકા ભજવશે. આથી તેણે ઇસ્રાઈલી કુટુંબોમાં જન્મતા જ બાળકોને મારી નાખવાનો આદેશ આપ્યો. દીકરીઓને જીવંત રાખવાનો હેતુ તેમને દાસી બનાવીને ઇસ્રાઈલી જાતિનું અપમાન કરવાનો હતો. એક તરફ ફિરઔન આવી યોજનાઓ બનાવી રહ્યો હતો, તો બીજી તરફ અલ્લાહ તેની નિષ્ફળતા માટેના માર્ગો તૈયાર કરી રહ્યો હતો. અલ્લાહની શક્તિ સામે કોઈ ટકી શકતું નથી. આવા જ અશાંત સમયમાં હઝરત મૂસા અ.સ.નો જન્મ થયો.

અન્ય માતાઓની જેમ તેમને પણ પોતાના નવજાત બાળક પર પ્રેમ હતો અને તે ન'હોતી ઇચ્છતી કે ફિરઔનના જાસૂસોને કોઈ રીતે તેની ખબર પડે. અલ્લાહ તઆલાએ તેમને દિલની શાંતિ આપી કે જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી પોતાનું દૂધ પીવડાવો, અને જો કોઈ ખતરો લાગે તો તરત જ એક સંદૂકમાં દીકરાને મૂકીને 'દરિયાએ નીલ'માં નાખી દો. આ વિદાય પર દુઃખ ન કરો, તે ચોક્કસ તમારી પાસે પાછો આવશે. તે પોતાના

સમયનો પયગંબર હશે. થોડો સમય એમ જ વીતી ગયો. તેમને હંમેશાં ડર લાગતો હતો કે ક્યાંક ફિરઔનના જાસૂસોને તેની ખબર ન લાગી જાય. તેમનો ડર બેબુનિયાદ પણ ન હતો. આ વાત બહાર આવે તે પહેલાં જ એક દિવસ શાંતિથી તેમને સંદૂકમાં મૂકીને અલ્લાહના નામ પર 'દરિયાએ નીલ'ને સોંપી દીધા. સંદૂક વહેણ સાથે પોતાની સફર પૂરી કરતી આગળ વધતી રહી. તેમની બહેન દૂરથી જ આની પર નજર રાખતી હતી કે ક્યાંક કોઈને શંકા ન જાય. આ નદી ફિરઔનના મહેલની નજીકથી પસાર થતી હતી. તેના પરિવારના કેટલાક લોકો ફરવા નીકળ્યા હતા અને તેમની નજર કિનારે લગાવેલી સંદૂક પર પડી. તેઓ તેને લઈને ફિરઔનની પત્ની હઝરત આસિયા રદિ. પાસે પહોંચ્યા.

જેવી સંદૂક ખોલવામાં આવી તો તેમાં એક ખૂબ જ સુંદર બાળકને જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયા. હઝરત આસિયા રદિ.એ પોતાના પતિને કહ્યું કે, ''આ બાળક તારી અને મારી આંખોનું તારણ છે. તેને જોઈને મન ખૂબ પ્રસન્ન થઈ ગયું છે. તેને મારી ના નાંખો, કદાચ મોટો થઈને તે આપણને કામ આવી શકે અથવા આપણે તેને પોતાનો દીકરો બનાવી શકીએ.'' તેમને એ જાણ ન હતી કે તેમના હાથે જ ફિરઔનની સલ્તનતનો નાશ થશે. બીજી તરફ, હઝરત મૂસા અ.સ.ની માતા ખૂબ જ ચિંતિત હતી. તેમણે પોતાની દીકરીને બાળકની શોધખોળ કરવા માટે મહેલમાં મોકલી. ત્યાં તેમને પોતાનો ભાઈ મળ્યો. સમસ્યા એ હતી કે તે કોઈ પણ સ્ત્રીનું દૂધ પીતો ન હતો. આ તકનો લાભ લઈને, તેમની બહેને સલાહ આપી કે તે એક એવી સ્ત્રીને ઓળખે છે જેનું દૂધ તે ચોક્કસ પીશે. તેથી તે સ્ત્રીને બોલાવવામાં આવી અને તેને બાળકને દૂધ પીવડાવવાની જવાબદારી સોંપવામાં આવી.

આ રીતે ફિરઔનના ઘરમાં હઝરત મૂસા અ.સ.નું પાલન-પોષણ થયું અને અલ્લાહ તઆલાની યોજના અનુસાર તેમની સલ્તનતનો નાશ પણ તેમના હાથે જ થયો. કહેવાય છે કે જેને અલ્લાહ તઆલા બચાવવા ઇચ્છે તેને કોણ મારી શકે!! ●●●


**વાચકો જોગ સૂચના**

**પ્રિય ગ્રાહકો**

- ★ **''યુવાસાથી'' માસિક દર મહિનાની ૩જી તારીખે પોસ્ટ કરવામાં આવે છે. જો તે મહિનાની ૧૦ તારીખ સુધી આપને ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવા અમારા વ્હાલા વાચક મિત્રોને વિનંતી છે.**
- ★ **''યુવાસાથી'' માસિકનું લવાજમ પૂરૂં થઈ ગયું હોય તો તેમને નમ્ર વિનંતી છે કે તેઓ ઓફિસના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી કે પછી ઓનલાઇન Google Pay, Phone Pe વિ.થી પણ લવાજમ મોકલી આપે.**
- ★ **પોસ્ટમેન નિયમિત ડિલિવરી કરતા ન હોવાથી વાચકોને કોપીઓ નિયમિત મળતી નથી. તેથી જે વાચક મિત્રો ''યુવાસાથી'' કુરિયરથી મંગાવવા ઇચ્છતા હોય તો તેમણે લવાજમની રકમ રૂ. ૩૦૦ ઉપરાંત રૂ. ૧૮૦ વધારે આપવા.**

● મેનેજર, ''યુવાસાથી'' ગુજરાતી માસિક

- આમના પહેલાં પણ ઘણા લોકો (સત્યને નીચું દેખાડવા) આવી જ દગાબાજીઓ કરી ચૂક્યા છે, તો જોઈ લો કે અલ્લાહે તેમની દગાબાજીઓની ઇમારતને મૂળમાંથી ઉખાડી ફેંકી અને તેની છત ઉપરથી તેમના માથે આવી પડી અને એવી દિશામાંથી યાતના આવી, જે તરફથી તેના આવવાની તેમને કલ્પના સુધ્ધાં ન હતી.

- પછી કયામતના દિવસે અલ્લાહ તેમને ફજેત કરશે. અને તેમને કહેશે, "બતાવો, હવે ક્યાં છે મારા તે ભાગીદારો જેમના માટે તમે (સત્યવાદીઓ સાથે) ઝઘડા કર્યા કરતા હતા ?"

- જે લોકોને દુનિયામાં જ્ઞાન પ્રાપ્ત હતું તેઓ કહેશે, "આજે અપમાન અને દુર્ભાગ્ય છે કાફિરો (ઇન્કાર કરનારાઓ) માટે."

(કુર્આન, 16: 26-27)

ઇસ્લામ દર્શન કેન્દ્ર - ગુજરાત
www.islamdarshangujarat.org
@idkgujarat

# કુર્આન: ઐતિહાસિક વિદ્વાનોની નજરમાં



"

હું ઘણી વાર વિચારું છું કે અન્ય ધર્મ કરતાં ઇસ્લામમાં સ્ત્રી વધુ સ્વતંત્ર છે. સ્ત્રી એક પત્નીત્વના સ્થાન કરતાં ઇસ્લામ દ્વારા અપાતા હક્કોમાં વધુ સુરક્ષિત છે. કુર્આનમાં સ્ત્રીઓના જે અધિકાર છે તે બીજા ધર્મ કરતાં વધુ ન્યાયી અને ઉદાર છે.

**એની બેસન્ટ**

**સંદર્ભ: મુહમ્મદ (સ.અ.વ.) : જીવન ચરિત્ર અને ઉપદેશ**



"

ન્યાયની ભાવના ઇસ્લામના સૌથી શ્રેષ્ઠ આદર્શોમાંનું એક છે કારણ કે જેમ જેમ હું કુર્આનમાં વાંચું છું તેમ તેમ મને જીવનના તે ગતિશીલ સિદ્ધાંતો દેખાય છે જે ભેદી નથી પરંતુ સમગ્ર વિશ્વ માટે જીવનના દૈનિક વર્તન માટે વ્યવહારુ નીતિશાસ્ત્ર છે.

**સરોજિની નાયડુ**

**સરોજિની નાયડુ ,મદ્રાસ સ્પીચ 1918.**




"

મને જટિલ અને વિવિધ લયથી સમૃદ્ધ અભ્યાસ કરવામાં પીડા થઈ રહી છે જે સંદેશ સિવાય પણ કંઈક છે. માનવજાતના કલ્યાણ માટેની મહાન સાહિત્ય કૃતિઓમાં સ્થાન આપવા માટે કુર્આનનો નિર્વિવાદ દાવો છે. પ્રો. પિકથૉલે તેના પવિત્ર પુસ્તકમાં વર્ણન કર્યું છે, "જેના અવાજો માણસોને આંસુ અને આનંદ તરફ લઈ જાય છે" જેને લગભગ સંપૂર્ણપણે અવગણવામાં આવ્યા છે.

**આર્થર જ્હોન આર્બેરી**

**(ધ કુરાન ઇન્ટરપ્રિટેડ), લંડનઃ ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ, 1964, પૃષ્ઠ X)**



"

કુર્આન હંમેશાં પ્રેરણાનો સ્ત્રોત રહ્યું છે પછી ભલે તે ધાર્મિક હોય કે તત્વજ્ઞાનથી સભર તે માનવ આત્મા સાથે સીધી વાત કરે છે.

**રવીન્દ્રનાથ ટાગોર**

**સંદર્ભ :ટાગોર પત્રો અને નિબંધો 1903 થી 1941**


IF UNDELIVERED PLEASE RETURN TO :

**Yuvasaathi (Gujarati Monthly)**

B-4, Karishma Complex, Sarani Society Corner,
132 ft. Ring Road, Juhapura, Ahmedabad -380055